**સુવિચાર**

બધા ઉપર વિશ્વાસ ન કરશો, કારણ કે સાકર અને મીઠાનો રંગ એક જ હોય છે !

:: સૌજન્ય ::

**નિલકંઠ જ્વેલર્સ** (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૦/૦૫/૨૦૨૫, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.






તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ વૈશાખ સુદ-૧૩ વર્ષ : ૧૯ અંક : ૧૨૭


### માર્ગ–મકાન વિભાગનાં અધિકારીઓ આળશ ખંખેરી સક્રીય બને

# અમરેલી જિલ્લાનાં બિસ્માર માર્ગોની મરામત કરો

**જિલ્લામાં દિનપ્રતિદિન અકસ્માતની ઘટના બનતી હોવા છતાં પણ તંત્ર કુંભકર્ણની નિંદ્રામાં પોઢી ગયું**

**માર્ગની વચ્ચે સફેદ પટ્ટા, માઈલસ્ટોન, વૃક્ષોનાં થડને કલર સહિતની કામગીરી થતી નથી**

**અનેક માર્ગો ઉપર વળાંકો કે સ્પીડ બ્રેકર ઓચિંતા આવતા હોય વાહન ચલાવવું અતિ મુશ્કેલ**

**કમિશનબાજી બંધ કરીને માર્ગ-મકાન વિભાગનાં અધિકારીઓ નિષ્ઠાપૂર્વક ફરજ બજાવે**



અમરેલી, તા.૯

અમરેલી જિલ્લામાં દિ'ઉગેને વાહન અકસ્માતની ઘટના બનતી હોવા છતાં માર્ગ–મકાન વિભાગનાં અધિકારીઓ કુંભકર્ણની નિંદ્રામાં પોઢી ગયા હોય તેવું લાગે છે.

જિલ્લાનાં ગ્રામ્યથી લઈને રાષ્ટ્રીય કક્ષાનાં માર્ગોની હાલત અતિ દયનીય બની છે. માર્ગની વચ્ચે સફેદ પટ્ટા લગાવવા, માર્ગને પહોળા કરવા, સ્પીડ બ્રેકર પર પટ્ટા લગાવવા, નવા માઈલ સ્ટોન બનાવવા, ગ્રામ્ય વિસ્તાર, શાળા, હોસ્પિટલ આસપાસ દિશાસુચક બોર્ડ લગાવવામાં આવતા નથી તેમજ માર્ગની બગલમાં આવેલ વૃક્ષોનાં થડને નિયમ મુજબ રંગરોગાન કરવામાં આવતું નથી.

માર્ગમાં વળાંક આવતો હોય કે સ્પીડ બ્રેકર આવતું હોય છેલ્લી સેકન્ડ સુધી વાહનચાલક અંધારામાં રહી જતાં હોય છે. વાહનચાલકો વાહન ખરીદીથી લઈને વીમા પ્રીમિયમ અને પેટ્રોલ–ડીઝલની ખરીદી ધ્વારા ટેક્ષ ચુકવે છતાં પણ જાનના જોખમે વાહન ચલાવવું પડી રહ્યું છે.

બીજી તરફ માર્ગ બનાવવામાં નિયમોનો ઉલાળીયો થતો હોવાથી માર્ગમાં ગમે તે સમયે ખાડાઓ પડી જતાં હોવાથી પણ અકસ્માતની ઘટના બની રહી છે. છતાં પણ માર્ગ બનાવતી એજન્સી પાસેથી તગડુ કમિશન મેળવતાં અમુક અધિકારીઓ માર્ગનું પરીક્ષણ કે નિરીક્ષણ કરતા નથી અને નિર્દોષ વાહનચાલકો પરેશાન થઈ રહ્યા છે તે હકીકત છે.

### દાગીના ધોવાનાં પાઉચ વહેંચતા બે ઈસમો ઝડપાયા

## દામનગર પોલીસ સ્ટેશનનાં ચીલ ઝડપનાં અનડીટેકટ ગુન્હાનો ભેદ ખુલી ગયો

**એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી**



અમરેલી, તા.૯

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.વી.એમ. કોલાદરાની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ દામનગર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય. તે દરમ્યાન મળેલ બાતમી તેમજ ટેકનીકલ સોર્સના આધારે મોહમદફારૂક મોહમદમજનુ રાયન તથા મોહમદ અમજદ મોહમદઈલીમ કુંજરા રહે. બિહાર હાલ હરીયાણા નામના બે પરપ્રાંતીય ઈસમોને શંકાસ્પદ હાલતમાં પકડી પાડી, સઘન પુછપરછ કરતા દામનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સોના–ચાંદીના દાગીના ધોવાના લિકિવડ–પાઉચ વહેંચવાના બહાને ચીલ ઝડપના ગુનાની કબુલાત કરતા અને તેમની પાસેથી રોકડા રૂપિયા ૫૦,૦૦૦ તથા લિકિવડના પાઉચ નંગ–૫ કિંમત રૂપિયા ૧૦૦ તથા પાઉડરના પાઉચ નંગ–૧ કિંમત રૂપિયા ૫૦ તથા એક પ્લાસ્ટીકની નાની ડોલ કિંમત રૂપિયા ૧૦ તથા પ્લાસ્ટીકના બાઉલ નંગ–૪ કિંમત રૂપિયા ૨૦ તથા એક સ્ટીલનો ડબ્બો કિંમત રૂપિયા ૨૦ તથા એક વાદલી કલરનું બેગ કિંમત રૂપિયા ૧૦૦ તથા એક નંબર પ્લેટ વગરનું મોટર સાયકલ કિંમત રૂપિયા ૨૫,૦૦૦ મળી કુલ કિંમત રૂપિયા ૭૫,૩૦૦નાં મુદ્દામાલ સાથે ઝડપી લઈ દામનગર પોલીસ સ્ટેશનનો ચીલ ઝડપનો અનડીટેકટ ગુનો ડીટેકટ કરવામાં એલ.સી.બી. ટીમને સફળતા મળેલ છે.

### વર્ષો સુધી રીનોવેશન ન કરી શકયા હોવાથી

## દામનગરમાં પડવાનાં વાંકે ઉભી ૩ ઈમારતો જમીનદોસ્ત થાય તે પહેલા હટાવી લેવી જરૂરી

**જવાબદાર તંત્ર યુધ્ધનાં ધોરણે કાર્યવાહી કરે તે જરૂરી**



દામનગર, તા.૯

દામનગર શહેરની મધ્યમાં આવેલ સરકારી ત્રણ ઈમારતો ઘણા સમયથી જર્જરીત છે ના બોર્ડ મારેલા હોવા છતાં કોઈ કાર્યવાહી કરતું ન હોય. કોઈપણ સમયે ધરાશાયી થવાની સંભાવના હોય જવાબદાર તંત્ર આ ત્રણેય ઈમારતોને વ્હેલી તકે ઉતારી લે એવી બુલંદ માંગ ઉઠી છે.

### સિટી પીઆઈ વાઘેલાનાં માર્ગદર્શનતળે

## અમરેલી સિટી પોલીસ દ્વારા વાહનોનું ચેકીંગ શરૂ કરવામાં આવ્યું

**વર્તમાન યુધ્ધની પરિસ્થિતિને લઈને એલર્ટ**




અમરેલી, તા.૯

અમરેલી સિટી પીઆઈ વાઘેલાનાં માર્ગદર્શનતળે સિટી પોલીસ ટીમ ધ્વારા વર્તમાન યુધ્ધની પરિસ્થિતિને ધ્યાને લઈને ઠેર–ઠેર વાહન ચેકીંગની કામગીરી શરૂ કરવામાં આવી છે.

શહેરનાં ડો. જીવરાજ મહેતા ચોક, ટાવર ચોક, લાઠી બાયપાસ, સાવરકુંડલા બાયપાસ, કુંકાવાવ રોડ સહિતનાં સ્થળોએ ચેકીંગ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે.







### ધો. ૧૦નાં જાહેર થયેલ પરિણામમાં દબદબો

# કતારગામ : ગજેરા ગૃપ ઓફ સ્કૂલનું ધોરણ ૧૦નું ૯૭.૩૫ ટકા પરિણામ

## એ–૧ ગ્રેડમાં ૧૯૩ અને એ–રમાં ૩૧૧ પરીક્ષાર્થી



અમરેલી, તા. ૯

ગજેરા વિદ્યાભવન કતારગામ, ઉત્રાણ, સચિનનું વર્ષ ૨૦૨૪–૨૫નું ધોરણ ૧૦નું ૯૭.૩૫% સાથે શ્રેષ્ઠ પરિણામ આવ્યું છે. જેમાં ધોરણ ૧૦ ગજેરા ગ્રુપ ઓફ સ્કૂલ્સમાં ૧૯૩–એ૧ અને ૩૧૧–એર સાથે બોર્ડનું રીઝલ્ટ ૮૩.૯૮% છે. જયારે ગજેરા ગ્રુપ ઓફ સ્કૂલ્સનું રીઝલ્ટ ૯૭.૩૫ ટકા છે જેમાં ગજેરા વિદ્યાભવન કતારગામમાં ગુજરાતી માધ્યમનું રીઝલ્ટ ૬૭–એ૧ ગ્રેડ સાથે ૯૨.૨૫ % છે. ગજેરા વિદ્યાભવન કતારગામમાં અંગ્રેજી માધ્યમનું રીઝલ્ટ ૫૭–એ૧ ગ્રેડ સાથે ૯૮.૩૧% છે. ગજેરા વિદ્યાભવન ઉત્રાણમાં ગુજરાતી માધ્યમનું રીઝલ્ટ ૪૭–૪૧ ગ્રેડ સાથે ૯૫.૬૦% છે. ગજેરા વિદ્યાભવન ઉત્રાણમાં અંગ્રેજી માધ્યમનું રીઝલ્ટ ૨૧–૪૧ એ૧ ગ્રેડ સાથે ૯૭.૧૯% છે. ગજેરા વિદ્યાભવન સચિનમાં અંગ્રેજી માધ્યમનું રીઝલ્ટ ૯૬.૩૬% છે અને કામરેજ સ્થિત વાત્સલ્ય ધામનું રીઝલ્ટ ૭૭.૭૮% આવ્યું છે. ઝળહળતી સફળતા બદલ શાળાના ટ્રસ્ટી ચુનીભાઈ ગજેરાએ ખુબ ખુબ અભિનંદન પાઠવ્યા હતા.

### સમગ્ર જિલ્લાનું ગૌરવ વધારતી ઘટના

# લાઠી પંથકનાં ખેડૂત યુવક સમાજ જીવનને ધ્યાને રાખીને ફિલ્મોનું નિર્માણ કરે છે

## યુવકની ફિલ્મો ૯ લાખથી વધારે દર્શકો નિહાળે છે




અમરેલી, તા. ૯

નાના બજેટમાં ફિલ્મો જોનાર લાખો દર્શકોને કન્ટેન સામે લેવા દેવા હોય છે. આ વાત સાચી પાડનાર લાઠી તાલુકાના ખેડૂત યુવકે ભરત સાવલીયાએ સાબીત કરી દીધી છે. આ યુવક આજે સમાજ જીવનમાં બનતી ઘટનાઓને ધ્યાનમાં રાખી ફિલ્મની સામગ્રી હાલની સમાજ પધ્ધતી પર આધાર રાખે તેવી હોય છે. પતિ–પત્નીનાં સંબધો દિકરા–વહુના માં–બાપ પ્રત્યેની ફરજો પાડોશી સાથેના વ્યવહારો આસપાસમાં બનતા જીવન વ્યવહારોને ખ્યાલમાં રાખી ફિલ્મ સ્ટોરી તૈયાર કરતા આજે આ યુવકની ફિલ્મો ૯ લાખ ઉપરનાં દર્શકો જોવે છે. અને તેમાંથી પ્રેરણાની સાથે સ્વયંમની આત્મસ્કુળા જાગે છે. આ પ્રકારની ફિલ્મો નિહાળતા દર્શકો કરે છે કે આવું તો અમારી આસપાસ બને જ છે. અથવા તો સ્ટોરી તો અમારા પરિવારની હોય તેવું લાગે છે. લાખોના ખર્ચે તૈયાર થતી ફિલ્મો નિષ્ફળ જતી જોવા મળે છે તે વખતે સૌરાષ્ટ્રના નાના ગામડાનાં યુવકની સ્ટોરી દેશ–વિદેશમાં દર્શકો નિહાળી આત્મ સંતોષ મેળવે છે. સાથે સાથે આ યુવકે સાબીત કરી બતાવ્યું છે કે નાના બજેટમાં પણ ગુજરાતીને જીવતી રાખી ગુજરનતી ફિલ્મો હજુ પણ પોતાનું હિણ ઓછુ નથી માત્ર જરૂર છે સારા કન્ટેનની મજબુત સત્ય પ્રેરક સહજ સામગ્રી હોય તો દર્શકો આજે પણ ગુજરાતી ફિલ્મ જોવા તૈયાર છે. આજના ઝડપી યુગમાં એક નાની પંદર સેકન્ડની રીલ જોવા કોઈ તૈયાર નથી ત્યારે આ ભરત સાવલિયા નામના યુવકની ૧૫ મિનિટથી લઈ ૪:૪૫ મિનિટ સુધીની ફિલ્મો લાખો દર્શકો જોવે છે.

''ચાલો ગુજરાત બચાવીએ નાના ગામડાનો ખેડુત શોર્ટ ફિલ્મોનાં લાખો દર્શકો ધરાવે છે : નાના બજેટમાં બનતી શોર્ટ ફિલ્મો જોનાર વર્ગ કન્ટેન (સામગ્રી)ને વધુ ધ્યાનમાં રાખે છે.''

**– ભરત સાવલિયા (નિર્માતા)**

**– હરેશ બોરસાણીયા, મતિરાળા અહેવાલ**

### ગુજરાતના ખેડૂતોની ચિંતા વધી!

# હજુ ચાર દિવસ ગાજવીજ સાથે માવઠાની આગાહી

## અમરેલી, બોટાદ, ડાંગ, નર્મદા, ગાંધીનગર સહિત અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ નોંધાયો હતો

અમદાવાદ, તા.૯

ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં છેલ્લા ચાર દિવસથી ગાજવીજ સાથે ભારેથી અતિભારે કમોસમી વરસાદ પડ્યો. ભરઉનાળે વાતાવરણ પલટાતાં પવન ફૂંકાવવાની સાથે માવઠું થતાં ખેડૂતોના પાકને નુકસાન પહોચ્યું હોવાનું સામે આવ્યું છે. તેવામાં હવામાન વિભાગે આગામી ૧૩ મે, ૨૦૨૫ સુધી રાજ્યમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદ અને પવન ફૂંકાવવાની આગાહી કરી છે, ત્યારે આજે શુક્રવારે (૯ મે) અમરેલી, બોટાદ, ડાંગ, નર્મદા, ગાંધીનગર સહિત અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ નોંધાયો હતો. જેમાં ૮ મેના ૬ વાગ્યાથી ૯ મેના ૬ વાગ્યાના ૨૪ કલાક દરમિયાન કુલ ૬૩ તાલુકામાં માવઠું થયું હતું.

હવામાન વિભાગની આગાહી મુજબ, રાજ્યમાં આગામી ચાર દિવસ મેઘગર્જના સાથે હળવાથી મધ્યમ કમોસમી વરસાદની આગાહી છે. ત્યારે આવતીકાલે ૧૦ મેના રોજ રાજ્યભરના અમુક સ્થળોએ અને ૧૧ મેના રોજ રાજ્યના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ કમોસમી વરસાદની આગાહી કરી છે.

રાજ્યમાં આગામી ૧૨ મેના રોજ ૨૫ જિલ્લામાં માવઠું થશે. જેમાં સૌરાષ્ટ્રના દેવભૂમિ દ્વારકા, જામનગર, રાજકોટ, પોરબંદર, જૂનાગઢ, અમરેલી, બોટાદ, ભાવનગર, ગીર સોમનાથ સહિત સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, ખેડા, પંચમહાલ, વડોદરા, આણંદ, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ મેઘગર્જના સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે.

જ્યારે ૧૩ મેના રોજ અમરેલી, ગીર સોમનાથ, ભાવનગર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ જિલ્લામાં કડાકા સાથે હળવાથી મધ્યમ કમોસમી વરસાદ થવાન શક્યતા છે.

રાજ્યમાં આજે ૯ મેના રોજ સવારના ૬ વાગ્યાથી બપોરના ૨ વાગ્યા દરમિયાન ૩૨ તાલુકામાં કમોસમી વરસાદ નોંધાયો હતો. જેમાં ગાંધીનગરના દહેગામમાં ૨૩ મિ.મી., ભરૂચના વાગરામાં ૧૮ મિ.મી., મહેસાણાના ઊંઝા અને ડાંગના આહવામાં ૧૨-૧૨ મિ.મી., સુરતના મહુવામાં ૧૧ મિ.મી. વરસાદ નોંધાયો હતો. જ્યારે ૮ મેના ૬ વાગ્યાથી ૯ મેના ૬ વાગ્યાના ૨૪ કલાક દરમિયાન કુલ ૬૩ તાલુકામાં કમોસમી વરસાદ નોંધાયો હતો.

### પાલિકા પ્રમુખની પુત્રીએ ગૌરવ વધાર્યુ

# બાબરાની પ્રાચી કરકરનું ધો. ૧૦નું ઉજ્જવળ પરિણામ

## ડીગ્રી એન્જિયરીંગમાં અભ્યાસની ઈચ્છા


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૯

બાબરામાં નગરપાલિકા પ્રમુખ પ્રવીણભાઈ કરકરની દીકરી પ્રાચી કરકર અહીં વિવેકાનંદ વિદ્યાલયમાં અભ્યાસ કરે છે માર્ચ ૨૦૨૫ની ધોરણ ૧૦ પરીક્ષામાં પ્રાચીએ ૯.૪૨ પી આર મેળવી એવન ગ્રેડ પ્રાપ્ત કરતા વિવેકાનંદ વિદ્યાલય, કરકર પરિવાર અને પટેલ સમાજ ગૌરવ વધારતા સમગ્ર તાલુકાના અગ્રણીઓ દ્વારા શુભેચ્છાઓ પાઠવી હતી.

પ્રાચીએ ઉજ્જવળ પરિણામની ખુશી વ્યકત કરી આગળ ૧૨ સાયન્સ કરી એ ગ્રુપ રાખી ડિગ્રીમાં એન્જીયરિંગનો ઉચ્ચ અભ્યાસ કરી સારા એન્જીયરિંગ બનવાની ઈચ્છા વ્યકત કરી હતી વધુમાં તેમણે જણાવ્યું હતું કે જીવનમાં કારકિર્દી બનાવી હોય તો શિક્ષણ એક માધ્યમ છે અને તેમાં માટે બધું ભૂલી શરૂઆતથી તૈયારીઓ કરવામાં આવે તો ચોક્કસ અપેક્ષિત પરિણામ મળે છે.

ધોરણ ૧૦ મારી કારકિર્દીનું મહત્વનું વરસ હોવાથી મોબાઈલ ટીવી લગ્ન પ્રસંગ સહિત અન્ય તહેવાર પણ શક્ય હોય ત્યા સુધી ઉજવણીમાં ભાગ નથી લીધો ત્યારે પરીણામ મળ્યું છે.

અમારી શાળાના શિક્ષકોનું ખુબ જ પૂરતું અને યોગ્ય માર્ગદર્શન પરીક્ષામાં સફળ બનાવવા ઉપયોગી બન્યું હતું તેવું અંતમાં જણાવ્યું હતું.

# અમરેલી : એમ.વી. પટેલ કન્યા વિદ્યાલયનું ઉત્કૃષ્ટ ૧૦૦ % પરિણામ

અમરેલી. તા.૯

પટેલ વિદ્યાર્થી આશ્રમ અમરેલી સંચાલિત એમ.વી. પટેલ કન્યા વિદ્યાલય – અમરેલીનું ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહનું ૧૦૦% પરિણામ આવેલ છે, તેમાં A-2- 12 વિદ્યાર્થીનીઓ છે, તેણીએ ૯૮, ૯૭, P.R. મેળવેલ છે. જે બદલ સંસ્થાના પ્રમુખ દિલીપભાઈ એન. સંઘાણી તથા સંસ્થાના આચાર્ય અરૂણાબેન એમ. માલાણીએ વિદ્યાર્થી બહેનોને તથા શાળા સ્ટાફને અભિનંદન પાઠવેલ છે તેમ આચાર્ય અરૂણાબેન એમ. માલાણીની યાદીમાં જણાવેલ છે.

# અમરેલીનાં યુવા નેતા પ્રહલાદ સોલંકીનો આજે જન્મદિવસ



અમરેલી, તા. ૯

અમરેલીનાં યુવા નેતા પ્રહલાદ સોલંકી શનિવારે ૩૮માં વર્ષમાં પ્રવેશ કરી રહયા હોય શુભેચ્છકો દ્વારા શુભકામના પાઠવવામાં આવી રહી છે.

દલિત સમાજ માંથી આવતા હોવાથી દલિત સમાજ સંગઠનની પણ જવાબદારી નિભાવી રહ્યા છે. રાષ્ટ્રીય દલિત મહાસંઘ માં અમરેલી જિલ્લા યુવા પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી સાંઈધામ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ તરીકે હાલ જવાબદારી નિભાવી રહ્યા છે અને આ ટ્રસ્ટમાં સેવાકીય પ્રવૃતિઓ કરી રહ્યા છે અને આ ટ્રસ્ટ દ્વારા 'રાહતદરે દવાખાનું' પણ હાલમાં અમરેલી શહેરના ચિતલ રોડ પર આવેલું છે.

આવા રાજકીય અને સેવાકીય, સમાજસેવક એવા પ્રહલાદ સોલંકીનો આજે જન્મદિવસ છે.

### જગતાત ગણાતા ખેડુતો પરેશાન

# સાવરકુંડલા પથકમાં કમોસમી વરસાદથી વ્યાપક પ્રમાણમાં નુકસાન

## સા.કુંડલાનાં તાલુકા પંચાયતનાં પ્રમુખની સહાયની માંગ



અમરેલી, તા. ૯

સાવરકુંડલા તાલુકામાં તા. ૬ અને ૭ મેના રોજ કમોસમી વરસાદ અને ભારે પવનના કારણે ખેડુતોને ભારે નુકશાન થયું છે. આ કુદરતી આફતના કારણે કેરી, લીબું અને અન્ય બાગાયતી પાકો તેમજ ડુંગળી, તલ, બાજરી અને મગ જેવા ઉનાળુ પાકોને મોટા પ્રમાણમાં નુકશાન પહોંચ્યું છે.

સાવરકુંડલા તાલુકાના ખેડુતો દ્વારા આ અંગે અનેક રજૂઆતો મળી છે અને પરિસ્થિતની ગંભીરતાને ધ્યાનમાં લેતા સરકારને તાત્કાલિક ધોરણે નુકશાનીનો સર્વે કરાવીને ખેડુતોને આર્થિક સહાય ચૂકવવા વિનંતી કરીએ છીએ. તૈયાર પાકનો સંપૂર્ણ નાશ થવાની ખેડુતોને મોટો આર્થિક ફટકો પડયો છે.

ખેડુતોના હિતમાં સત્વરે નિર્ણય લઈ સર્વેની કામગીરી શરૂ કરાવી અને યોગ્ય વળતર ચૂકવીને જગતના તાતને આ મુશ્કેલ પરિસ્થિતિમાંથી બહાર લાવવામાં મદદ કરવા ગુજરાત રાજયના કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલને તાલુકા પ્રમુખ જીતુભાઈ કાછડિયાએ રજૂઆત કરી છે.

### પ્રિ–મોન્સુનની કામગીરી ઉઘાડી થઈ

# બગસરા પંથકમાં સતત ૪થા દિવસે કમોસમી વરસાદથી પરેશાની વધી

## ખેડુતોની હાલત દયનીય બની


તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૯

બગસરામાં સતત ચોથા દિવસે વરસાદ પડતા ખેડૂતોને ભયંકર હાલાકીનો સામનો કરવો પડયો છે ત્યારે બગસરાના વિસ્તાર શાકમાર્કેટમાં પાણી ભરાયાના અહેવાલ પણ સામે આવી રહ્યા છે પ્રીમોનસુન કામગીરી ફકત કાગળ ઉપર થઈ રહેલું હોય તેવું લાગી રહ્યું છે જયારે હાલમાં આ માવઠામાં શહેરની દુરદર્શન થઈ રહી છે ત્યારે ચોમાસામાં હાલ કેવા થશે તેવા લોકોમાં અનેક પ્રકારના સવાલો ઉઠી રહ્યા છે. રાજ ચોથા દિવસે બગસરામાં ૧૯ મીલીમીટર જેટલો વરસાદ નોંધાયો હતો.

# મહુવાથી વીજપડી માર્ગમાં ધોવાણ થતાં વાહન વ્યવહાર ખોરવાયો

વિજપડી, તા. ૯

તા. ૬/૫/૨૫ મંગળવારે ફુકાએલ વાવાઝોડું અને વરસાદથી મહુવા સાવરકુંડલા વચાળે હાલ આ માર્ગ પહોળો બનાવવામા આવી રહ્યો છે આથી નવા પુલ બનાવવા સાઈડથી ડાઈવર્ઝન કાઢવા માં આવેલ છે પૈકી મહુવા તાલુકાના જાદરા અને નાનાઆસરાણા વચ્ચે બે ઠેકાણે મુશળધાર વરસાદ પડવાથી ડ્રાઈવર્ઝન ધોવાય ગયેલ છે. અને વાહન વ્યવહાર ખોરવાયો છે.

હાલ મહુવા – બગદાણા –તળાજાથી ઉપડતી એસટી બસો વાયા રાજુલાથી ડાયરેકટ થોરડી આંબરડી માર્ગથી ચાલી જાય છે.

તાલુકા કક્ષાના વિજપડી ગામના અને તેના સાથે સંકળાયેલા ૩૦ ગામના મૂસાફરોને સાવરકુંડલા અમરેલી જુનાગઢ રાજકોટ જામનગર દ્વારકા અંજાર જવું હોય તો ઉંચા ભાડા આપી સાવરકુંડલા પહોંચવુ પડે છે.

બાબતે મહુવા ડેપો મેનેજર સમક્ષ વિજપડીના અમાન અલી રસભયા એ દુરસંચાર મારફતે રજુઆત કરવામાં આવી કે રાજુલાથડી વાયા વિજપડી થય મહુવા થી ઉપડતી લોકલ એકસપ્રેસ બસો ચલાવી અને વિજપડીથી સાવરકુંડલાના મુસાફરોને પડતી હાલાકી દુર કરવા રજૂઆત કરવામાં આવી તો જવાબ મળ્યો કે મહુવા એસટી ડેપોને લેખીતમાં રજુઆત મોકલો આથી અમાન અલી રસભર્યાએ મહુવા ટ્રાફિક વિભાગથી ફરીયાદ બુક લય રૂબરૂ તા.૮/૫/૨૫ના રાત્રે ૮:૦૦ કલાકે લેખીત રજુઆત આપવામાં આવેલ છે પરંતુ ૯/૫/૨૫ સવારથી અમલવારી કરવાના બદલે અમલવારી થયેલ નથી.

રાજકોટ અમરેલી સાવરકુંડલાથી વાયા વિજપડીથી ઉના જાફરાબાદ રાજુલા એસટી બસો ચાલે છે તેને આ માગ અવરોધ રૂપ નથી અને મહુવા ડેપોના અધિકારીને તુટી ગયેલ માર્ગ મરામત થાય નહી ત્યાં સુધી રાજુલાથી વાયા વિજપડી માર્ગથી ચલાવવામાં રસ નથી અને મુસાફરોની હાલાકી દુર કરવામાં રસ નથી.

આ બાબતે સાવરકુંડલા ડેપો મેનેજરને આ રજૂઆત કરતા એમનાથી જામનગર રાજકોટ દ્વારકા અંજાર જુનાગઢ અમરેલી તરફથી આવતી એસટીના ડ્રાઈવરોને સુચના આપતા એમનાથી વાયા વિજપડી થઈ રાજુલાથી મહુવા ચલાવવાનું શરૂ થઈ ગયેલ છે બાબતે ભાવનગર ડીવીઝન મેનેજર સમક્ષ મેસેજથી અને મહુવા ડેપો મેનેજર સમક્ષ કરવામાં આવેલ લેખિત રજુઆત નકલ મોબાઈલ દ્વારા મોકલી તાકીદે મહુવાથી ઉપડતી સાવરકુંડલા અમરેલી તરફની ઉપરની તમામ એસટી બસો માગ મરામત થાય નહી ત્યાં સુધી એસટી રાજુલાથી વાયા વિજપડી ચલાવવા તાકીદે સુચના આપવા માંગ કરવામાં આવેલ છે.

### નાયબ દંડક કૌશિક વેકરિયા દ્વારા

# મીઠાપુર (ડુંગરી)નાં મોતને ભેટેલ ૪ યુવાનોનાં પરિવારજનોને સાંત્વના પાઠવાઈ

## નાયબ દંડકે પુરતી મદદ કરવા ખાતરી આપી

ચલાલા, તા. ૯

મીઠાપુર(ડુંગરી) દલીત સમાજના ચાર યુવાનોના કમનસીબે શેત્રુજી નદીના પાણીમા ગરકાવ થવાથી દુ:ખદ અવસાન થતા ચલાલા પંથકમાં દરેક સમાજમા દુખની અંત્યત લાગણી વ્યાપેલ છે. ચલાલા પંથક શોકમગ્ન બન્યો છે. ત્યારે ગુજરાત સરકારના મુખ્ય નાયબ દંડક કૌશિકભાઈ વેકરિયા મીઠાપુર (ડુંગરી) આવી સદગત પામેલ યુવાનોના નિવાસસ્થાને પરિવારોને રૂબરૂ મળી વિશેષ વિગત જાણી ઊડા દુખની લાગણી વ્યકત કરી પરિવારોને સાંત્વના પાઠવી સદગત યુવાનોના દિવ્ય આત્માને પરમ શાંતિ પ્રાપ્ત થાય તેવી પ્રભુ પ્રાર્થના કરી પરિવારોના દુખમાં સહભાગી બન્યા હતા. મજુર પરિવારોના આધારસ્થંભ જતા રહેતા. આ પરિવારો મુશ્કેલીમા મુકાય જતા આ પરિવારોને વહેલામા વહેલી તકે આર્થીક સહાય મળે તે માટે પુરતા પ્રયત્ન કરવાની ખાતરી કૌશિકભાઈ વેકરિયા એ કરી હતી. આ તકે મીઠાપુર (ડુંગરી)ના સરપંચ ઉપેન્દ્રભાઈ વાળા, ચલાલા નગરપાલિકા પૂર્ણ પ્રમુખ હિંમતભાઈ દોગા, શહેરભાજપ પ્રમુખ જીતુભાઈ કાથરીટીયા, નગરપાલિકા ઉપ પ્રમુખ પ્રવીણભાઈ માલવીયા, સદસ્ય તેજસભાઈ ગોસાઈ, પુનાભાઈ રબારી, દલીત સમાજ અગ્રણી અશોકભાઈ ચાવડા, મુકેશભાઈ રાઠોડ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.


શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત
(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)
**શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ**
ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯

**પ્રવેશની ઉત્તમ તક...**

વર્ષ-૨૦૨૫માં ધો.૧૨માં ઉર્તિણ થનાર વિદ્યાર્થી ભાઈ/બહેનોને ખુબ...ખુબ... અભિનંદન...

શું આપ પ્રવેશની મુંજવણમાં છો ? વિદ્યાર્થીઓ અને વાલીઓની ચિંતા કરતી એકમાત્ર સંસ્થામાં ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે

પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીએ https://gcas.gujgov.edu.in પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.

F.Y.B.Com. SEMESTER-1 | S.Y.B.Com. SEMESTER-3 | T.Y.B.Com. SEMESTER-5 | M.Com. SEMESTER-1,3

- ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

સુવિધાઓ

- તદન આધુનિક સુવિધા સજ્જ ત્રણ માળનું, સાધન સંપન્ન કલાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠ્ય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- નવી શિક્ષણ નીતિ મુજબના Accounting & Finance, Business Management, જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ આપવામાં આવે છે.

શ્રી ડૉ. એસ.પી. સિતાપરા, પ્રિન્સિપાલ, મો. ૯૪૨૬૨ ૪૩૨૫૦
વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક સવારનાં ૮:૦૦ થી ૧૨:૦૦ સુધી
www.mdscollege.org
શ્રીમતિ વનીતા બી. સીતાપરા, મેનેજીંગ ટ્રસ્ટી, મો. ૯૯૯૮૫ ૨૬૮૦૮

### ઘરફોડ ચોરી, દાનપેટી, બાઈક ચોરીની ઘટના બની

# ખાંભા પંથકમાં તસ્કરોની ગેંગ મેદાનમાં આવી હોય તેમ ચોરીની ઘટનાની હારમાળા

### સ્થાનિક પોલીસે ગુન્હા નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૯

ખાંભા પંથકમાં કોઈ ચોરી કરતી ટોળકી ઉતરી હોય તેમ છેલ્લા એક જ દિવસમાં ઘરફોડ ચોરી, દાનપેટી તથા બાઈક ચોરીના બનાવ અંગે ખાંભા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

પ્રથમ બનાવમાં ખાંભા તાલુકાના પીપળવા ગામે રહેતા અને શાકભાજીનો વેપાર કરતાં પ્રવિણભાઈ આલુભાઈ બાંભણીયા નામના ૩૭ વર્ષિય વેપારી ગત તા. ૬ના રોજ વહેલી સવારના આશરે સાડા છએક વાગ્યાની આસપાસ તેમના પત્ની સાથે તેમના કાકાના દિકરા સંજયભાઈની જાનમાં મેથળા ગામે ગયેલ હતા અને આખો દિવસ તેઓ જાનમાં રોકાયેલ હતા અને સાંજના આશરે સાતેક વાગ્યાની આસપાસ પીપળવા ગામે પરત આવેલ તે વખતે વેપારીના મકાનની દિવાલમાં આવેલ જાળીયું તોડી કોઈ અજાણ્યા ચોર ઈસમે ઘરમાં રહેલ શાકભાજીનાં ધંધાના ગલ્લામાં રાખેલ રોકડા રૂપિયા ૩૦,૦૦૦ ચોરી કરી લઈ નાશી ગયો હતો.

જયારે બીજા બનાવમાં ખાંભા તાલુકાના પીપળવા ગામે આવેલ સ્વામી નારાયણ મંદિરની અંદર રહેલ દાન પેટી ગત તા. ૧ના સાંજના આશરે આઠેક વાગ્યાથી તા. ૨ ના વહેલી સવારના આશરે સાડા છ વાગ્યા દરમ્યાન કોઈ અજાણ્યા ચોર ઈસમ મંદિરના પાછળના ભાગે રહેલ બારીમાંથી મંદિરની અંદર પ્રવેશ કરી દાનની રકમ આશરે છથી સાત હજાર રૂપિયા હતા તે ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

ત્રીજા અને અંતિમ બનાવમાં ખાંભા ગામે રહેતા ધરમશીભાઈ નરશીભાઈ કળસરીયા નામના ૫૪ વર્ષિય ખેડૂતે ગતતા. ૮ના રોજ રાત્રે ૮:૩૦ વાગ્યે પોતાના ઘર સામે બહાર રોડ ઉપર રાખેલ હોય અને પોતાના ઘરના સભ્યો રાત્રીના સાડા અગીયાર વાગ્યે ઘરમાં સુવા માટે રૂમમાં જતા રહેલ હતા અને રાત્રીના બે વાગ્યે જાગતા મોટર સાયકલ ઘર બહાર જોવામાં ન આવતા કોઈ અજાણ્યો ચોર ઈસમ મોટર સાયકલ ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### કઈ હોસ્પિટલમાંથી મેડિકલ વેસ્ટ ફેંકાયુ તેની તપાસ જરૂરી

# અમરેલીનાં પાદરમાં આવેલ ઠેબી જળાશયનાં પાળા નજીક મેડિકલ વેસ્ટનો ઢગલો થયો

### આરોગ્ય વિભાગે સમગ્ર બનાવની તપાસ કરવી જરૂરી



અમરેલી, તા. ૯

અમરેલીનાં ઠેબી જળાશયનાં પાળા નજીક ગઈકાલે કોઈ અજાણ્યા ઈસમોએ મેડિકલ વેસ્ટનો જાહેરમાં નિકાલ કર્યો હોય તે ગેરકાયદેસર હોય આરોગ્ય વિભાગે આ મામલે જરૂરી કાર્યવાહી કરવી જોઈએ તેવી માંગ ઉભી થઈ છે.

સામાન્ય રીતે મેડિકલ વેસ્ટનો યોગ્ય અને નિયમાનુસાર નિકાલ કરવાનો હોય છે. કારણ કે જાહેરમાં તેનો નિકાલ કરવાથી જનઆરોગ્ય અને પર્યાવરણ ઉપર ખતરો ઉભો થતો હોય છે. આ અંગે આરોગ્ય વિભાગ યોગ્ય કરે તે જરૂરી છે.

### પંચાયતના ડેડ સ્ટોક બાબતે ઉપલી કચેરી દ્વારા જવાબ ન મળતા

# બગસરાના મોટા મુંજીયાસરની ગ્રામ પંચાયતને આગામી ૧૪ તારીખથી તાળા મારવા સરપંચ દ્વારા નિર્ણય

### જિલ્લા વિકાસ અધિકારીને પત્ર પાઠવી જાણ કરી ઉપવાસ ઉપર બેસવા ચીમકી



તસ્વીર : સમીર વિરાણી-બગસરા

બગસરા, તા. ૯

બગસરા તાલુકાના મોટા મુંજીયાસર ગામે એક પછી એક વિવાદ બહાર આવી રહ્યો છે. જેમાં પૂર્વ સરપંચ દ્વારા યોગ્ય રીતે ડેડ સ્ટોક નવા સભ્યોને સોપવામાં આવેલ ન હોવાની ઉચ્ચ અધિકારીને રજૂઆત છતાં કોઈ નિર્ણય ન થતા આખરે ગ્રામ પંચાયતને તાળા મારવાનો નિર્ણય કર્યો છે.

મળેલી વિગતો મુજબ મોટા મુંજીયાસર ગ્રામ પંચાયતમાં પૂર્વ સરપંચ રમેશભાઈ સતાસિયા અને હાલના સરપંચ જયસુખભાઈ ખેતાણી વચ્ચે ડેડ સ્ટોક બાબતે ચાલી રહેલી વહીવટી લડાઈમાં તાલુકા જિલ્લાની કચેરીઓ દ્વારા યોગ્ય નિર્ણય કરવામાં ન આવતા આખરે સરપંચ જયસુખભાઈ ખેતાણીએ જિલ્લા વિકાસ અધિકારીને પત્ર પાઠવી ગ્રામ પંચાયતને તાળું મારી દેવાની જાહેરાત કરી હતી જેને આજે ૧૫ દિવસ જેટલો સમય વીતી ગયેલ છે. જેથી આગામી ૧૪ તારીખને બુધવારના રોજ તાળાબંધી કરવામાં આવશે અને સંપૂર્ણ વહીવટ બંધ કરવામાં આવશે તેમજ તેમ છતાં યોગ્ય કાર્યવાહી કરવામાં નહિ આવે તો જિલ્લા પંચાયત ખાતે ગાંધી ચીંધીયા માર્ગે ધરણા કરવામાં આવશે. તેમણે કરેલ રજૂઆતમાં જણાવેલ છે કે ગામમાં અનેક કામોને ખર્ચ કરી દેવામાં આવેલ છે પરંતુ હકીકતમાં સ્થળ પર કોઈ કામ બતાવેલ નથી. ગામથી ખોડીયાર મંદિર જવા માટે રસ્તાનો ખર્ચ કરેલ છે, પરંતુ હકીકતમાં આવો રસ્તો બનેલ નથી. આ ઉપરાંત લોખંડની પાઈપ લાઈન તેમજ કેબલ વગેરેનો ખર્ચ પણ બતાવેલ છે પરંતુ હકીકતમાં એવો કોઈ ખર્ચ થયેલ નથી તેથી આ કોઈ બાબતો ડેડ સ્ટોકમાં ચડાવવામાં આવેલ નથી. આ બાબતોને લઈ છેલ્લા ત્રણ વર્ષથી તાલુકા તથા જિલ્લા કચેરીઓને રજૂઆત કરવા છતાં તેમના દ્વારા કોઈ પગલાં લેવામાં ન આવતા આખરે ગ્રામ પંચાયતનો વહીવટ બંધ કરવા નિર્ણય કરેલ છે. સરપંચ દ્વારા આવી રીતે ગ્રામ પંચાયતને તાળા મારવામાં આવે તો આ સરકારી કચેરીને તાળા મારવા બદલ સરકાર તેમના વિદ્ધદ્ધ ફરિયાદ દાખલ કરશે કે ડેડ સ્ટોકના કૌભાંડ બાબતે પગલા લેશે તે જોવાનું રહેશે.

# અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનનું ધોરણ ૧૦ અને ૧૨નું ઝળહળતું ૧૦૦% પરિણામ

અમરેલી, તા.૯

શિક્ષણ અને સંસ્કાર માટે સુવિદિત એવા શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ધોરણ ૧૦ અને ૧૨નું ઉતકૃષ્ટ ૧૦૦% પરિણામ પ્રાપ્ત થયેલ છે.

આ સંસ્થા અમરેલીની એકમાત્ર સંસ્થા છે જેમાં ૧૦૦% છાત્રાલય વાસ ફરજિયાત છે જેથી ગ્રામ્ય વિસ્તારના બાળકોને ગુરૂકુળ પધ્ધતિની શિક્ષણ વ્યવસ્થા સાથે સંસ્કાર અને જીવન ઘડતરનું શિક્ષણ મળે આજના યુગમાં શિક્ષણનો વ્યાપ વધ્યો છે પરંતુ વાલીઓને ચિંતા પોતાના બાળકોને સંસ્કાર અને મૂલ્યનિષ્ઠ આપે તેવી ખાસ જહેમત ઉઠાવતી સંસ્થાઓની શોધ હંમેશા હોય છે.

શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં બાળકોનાં વ્યકિતત્વ વિકાસ અને સુશુપ્ત શકિતઓના વિકાસની સાથે ઉતમ શિક્ષણ પુરૂ પાડવાના પ્રયાસ કરવામાં આવે છે અહી ધોરણ ૪ થી ૧૨ કોમર્સ સુધીનું શિક્ષણ અપાય છે અને ઉતમ શૈક્ષણિક વાતારવણનું નિર્માણ થયેલ છે.

ચાલુ વર્ષે માર્યાદિત પ્રવેશ આપી શકાય તેમ હોવાથી આપના બાળક માટે વહેલી તકે નામ નોંધણી કરાવી લેવા વિનંતી હાલ ધોરણ ૪ થી ૧૨માં પ્રવેશ આપવાનું શરૂ છે માટે સંસ્થાની અવશ્ય મુલાકાત લેશો.

### જિલ્લાના નિષ્ઠાવાન નેતાઓ પૈકીનાં એક ગણાતા

# અમરેલી જિલ્લાનાં લોકપ્રિય નેતાં અને પૂર્વ મંત્રી બાવકુભાઈ ઉંઘાડનો આજે જન્મદિવસ

### વિધાનસભામાં તેઓની હાજરી ખેડુતો માટે ફાયદારૂપ મનાતી



અમરેલી, તા. ૯

ગુજરાત સરકારના પૂર્વમંત્રી અને અમરેલી જિલ્લાના લોકપ્રિય નેતા એવા બાવકુભાઈ ઉઘાડ જિલ્લા પંચાયતના કારોબારી ચેરમેનથી રાજકીય કારકિર્દી શરૂ કરી સતત પાંચ વખત ધારાસભ્યની ચૂંટણી જીતી રાજય સરકારમાં બેવાર કેબિનેટ મંત્રી તરીકેની જવાબદારી નિભાવી લોકોની સમસ્યાઓને વાચા આપતા અને લોકો વચ્ચે રહી પોતાનું જીવન ગુજારતા માત્ર વાતો કરવાને બદલે કુશળ વહીવટ, નિષ્ઠાવાન લોકનેતા પોતાના વિસ્તારમાં નર્મદાનું પાણી અપાવનાર, ઓકટ્રોય નાબુદ કરાવનાર, રાષ્ટ્રપ્રેમી અને દરેક સમાજના લોકોના હૃદયમાં બિરાજતા ખેડુત નેતા અને પોતાના વિસ્તારમાં ફકત ત્રણ જ દાદા હોવા જોઈએ. હનુમાન દાદા, શંકરદાદા અને ગણેશ દાદા આ સિવાય કોઈ દાદા ન હોવા જોઈએ એ લોકોને નેતાને આજે તેમના જન્મદિવસ નિમિતે તેમના નંબર ૯૭૨૩૯ ૧૭૨૧૦ ૫૨ શુભકામનાઓ મળી રહી છે.

### વેદ વોલન્ટરી બ્લડ બેંક દ્વારા

# અમરેલીમાં દરરોજ સવારે ૯ થી સાંજના ૬ સુધી રકતદાન શિબિર શરૂ

### વર્તમાન યુધ્ધની પરિસ્થિતિને અનુલક્ષીને આયોજન

અમરેલી, તા. ૯

અમરેલી ખાતે વેદ વોલન્ટરી બ્લડ બેંક દ્વારા દરરોજ સવારે ૯ થી સાંજન ૬ સુધી રકતદાન શિબિરનું આયોજન મત પ્લાઝા બિલ્ડીંગ, બીજો માળ, બટારવાડી ખતે રાખેલ છે.

વર્તમાન યુધ્ધની પરિસ્થિતિને ધ્યાને લઈ આરોગ્ય વિભગની સુચનાથી રકતદાન શિબિરનો પ્રારંભ થયો હોય જિલ્લાભરનાં રકતદાતાઓને રકતદાન કરવા વેદ વોલન્ટરી બ્લડ બેંકનાં પ્રમુખ લલિત ઠુંમરે અનુરોધ કરેલ છે.



# લાઠી તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા. ૨૧મી મેના રોજ યોજાશે

અમરેલી, તા. ૯

લાઠી તાલુકાને સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યકમ તા.૨૧મે ૨૦૨૫ને બુધવારના રોજ સવારે ૧૧ કલાકે લાઠી તાલુકા મામલતદાર કચેરી ખાતે યોજાશે.

તાલુકા કક્ષાના અધિકારવાળા સરકારી બાકી કામો માટે અરજદાર અંગત પ્રશ્રો રજુ કરવા માંગતા હોય તે નાગરિકોએ સામુહિક કે નીતિ વિષયક પ્રશ્રો સિવાયના પ્રશ્રો તા. ૧૫મે ૨૦૨૫ને ગુરૂવારના રોજ બપોરે ૩ કલાક સુધીમાં લાઠી તાલુકા મામલતદાર કચેરી ખાતે રૂબરૂ અથવા પોસ્ટ મારફતે મોકલવી અરજીના મથાળે ' 'તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ'' અવશ્ય લખવું તેમ લાઠી તાલુકા મામલતદારએ એક યાદીમાં જણાવ્યું છે.

### જ્ઞાનદીપ એજયુકેશન ટ્રસ્ટ અને ઝહરા ફાઉન્ડેશન દ્વારા

# બાબરા : ચરખા ગામે ૧૦૦ ફુટ તિરંગા અને તળાવ ઊંડા કરવાનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો

### સાસંદ, પોલીસ અધિક્ષક સહિત સૌ કોઈ ઉપસ્થિત રહ્યા

બાબરા, તા. ૯

બાબરા તાલુકાના ચરખા ગામે જમનાબા મહિલા ગાર્ડનમાં ૧૦૦ ફૂટ ઊંચા તિરંગાનો લોકાર્પણ કામક્રમ યોજાયો હતો. ચરખા ગામના નાગરિકો તથા આજુબાજુના ગામના નાગરિકો વિશાળ સંખ્યામા જોડાયા હતા. ગામના નાગરિકો દ્વારા વિશાળ સંખ્યામા તિરંગા સાથે બાઈક રેલી સમગ્ર ગામમાં યોજાઈ હતી. આ કાર્યક્રમની સાથે જમનાબેન હરજીભાઈ રાદડિયા શૈક્ષણિક સંકુલમાં નાના ભૂલકાઓ માટે સ્વિમિંગ પૂલનું લોકાર્પણ પણ કરવામાં આવ્યું હતું. આ તમામ રકમ જહરા ફાઉન્ડેશનના સૌજન્યથી પ્રાપ્ત થઈ અને તેનું નિર્માણ થયું હતું. તેમની સાથે શાળાની સામે આવેલ પીચ તળાવને ઊંડું કરવા માટે ગ્રામ લોકોના આર્થિક સહયોગ અને જહરા ફાઉન્ડેશનના સહયોગથી ઊંડું કરવાનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફિકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ફ્રાયફ્રુટથી ભરપુર મસ્ત મજાના...
મગડી ગુંદીના લાડુ
નાયલોન તથા વાટીદાળનાં ખમણ
પોચા-પોચા મસ્ત મસ્ત ગુલાબજાંબુ
તેમજ અવનવા તાજા ફરસાણ મળશે
સાથે મસ્ત ચટાકેદાર ખજુરની ચટણી ફ્રી
બટેટા વેફર્સ ■ કેળા વેફર્સ ■ ફરાળી ચેવડો
તેમજ અમારી
સ્પે. આઈટમ ફરાળી ચટણી
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ । મો. ૯૯૦૯૧ ૯૦૯૫૫












# બાબરાનાં જીતુદાદા જોષીનાં પુત્રને ધો. ૧૦માં ૯૮.૧૦ પી.આર.

બાબરા, તા. ૯

બાબરામાં વિવેકાનંદ વિદ્યાલયમાં ધોરણ ૧૦માં અભ્યાસ કરતા ઓમ જોષીએ ધોરણ ૧૦ માર્ચ ૨૦૨૫માં જબદસ્ત પરિણામ મેળવી શાળા તેમજ બ્રહ્મસમાજ અને જોષી પરીવારનું ગૌરવ વધાર્યુ છે.

બાબરામાં કર્મકાંડ કરતા જીતુદાદા જોષીના પુત્ર ઓમ જોષીએ કોઈપણ જાતના શાળા સિવાય અન્ય ટયૂશન કર્યા વગર પોતાની જાત મહેનત અને શાળાનું શિક્ષણ તેમજ શિક્ષકોનું માર્ગદર્શન મેળવી અવલ્લ પરિણામ મેળવ્યુ છે.

ઓમ જોષીએ સુંદર પરિણામ પ્રાપ્ત કરી આનંદ વ્યકત કરતા જણાવ્યું હતું કે આગલ તેઓ ધોરણ ૧૨માં સામાન્ય પ્રવાહમાં એડમિશન મેળવી શિક્ષક બનવાની ઈચ્છા વ્યકત



કરી હતી.

ધોરણ ૧૦માં સારૂ પરિણામ મેળવી ઓમ જોષીએ વિદ્યાર્થીઓને શીખ આપતા જણાવ્યું હતું કે કોઈપણ પ્રકારની પરીક્ષા અઘરી હોતી નથી જો મનમાં શુદ્ધ ભાવ હોય અને યોગ્ય માર્ગદર્શન અને ગંભીરતા રાખો તો દરેક પરીક્ષામાં સફળતા ચોક્કસ મળે છે.

# ચલાલાના મીઠાપુર (ડુંગરી) ગામના ચારેય મૃતકોને સહાય આપવા માંગ

ચલાલા, તા. ૯

ચલાલાના મીઠાપુર ડુંગરી ગામના ચાર આશાસ્પદ દલિત યુવાનોનું અમરેલી તાલુકાના ગાવડકા ગામ પાસે શેત્રુંજી નદી પર બનેલા ચેકડેમના પાણીમાં ડૂબી જવાથી આકસ્મિક મૃત્યુ થયું છે. આ દુઃખદ ઘટના તારીખ ૫/૫/૨૦૨૫ના રોજ બની હતી. જેમાં ચાર યુવાનોના મૃત્યુ થયા હતા. ત્યારે ચલાલા મીઠાપુરમાં દુઃખદ ઘટના બની છે. ત્યારે ચલાલા અનુ.જાતી મોરચા ઉપપ્રમુખ વિજયભાઈ વાળા દ્વારા ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને મૃત્યુ પામનાર તમામ યુવાનો અનુસૂચિત જાતિ



સમાજના અને મજૂર વર્ગના છે તો તેમના પરિવારોની પરિસ્થિતિ અત્યંત દયનીય છે. પીડિત પરિવારોને તાત્કાલિક આર્થિક સહાય આપવા માંગ થઈ છે.

# સહેવાગનો મોટો રેકોર્ડ તોડતા ચૂકી ગયો રોહિત શર્મા


નવી દિલ્હી, તા.૯

ભારતીય ક્રિકેટ ટીમના ઓપનર અને ઉમદા કેપ્ટન રોહિત શર્માએ ટેસ્ટ ક્રિકેટમાંથી પણ નિવૃત્તિની જાહેરાત બુધવારે કરી હતી. રોહિતની આ જાહેરાત બાદ તેની ૧૧ વર્ષ લાંબી ટેસ્ટ ક્રિકેટ કારકિર્દીનો અંત આવ્યો છે. અગાઉ ૩૮ વર્ષીય રોહિત ટી૨૦ ઈન્ટરનેશનલ ક્રિકેટમાંથી પણ સંન્યાસ જાહેર કર્યો હતો. હાલ તે ODI ફોર્મેટમાં રમશે. આ ફોર્મેટમાં તે ટીમ ઈન્ડિયાનો કેપ્ટન છે.

રોહિત શર્માનું ટેસ્ટ ક્રિકેટ કારકિર્દી ખૂબ સારી રહી છે. તે ભારત માટે ઓપનિંગથી માંડી ૬ નંબર સુધી રમ્યો છે. જો કે, ટેસ્ટ ક્રિકેટમાં તે ઓપનર તરીકે ખૂબ સફળ ખેલાડી રહ્યો છે. રોહિતે પોતાની કારકિર્દીમાં ૬૭ ટેસ્ટ મેચમાંથી ૪૦.૫૭ની એવરેજમાં ૪૩૦૧ રન બનાવ્યા છે. જેમાં ૧૨ સદી તથા ૧૮ અર્ધસદી ફટકારી હતી. આ આક્રમક અંદાજ ધરાવતો શર્મા ઓપનર તરીકે સૌથી વધુ સદી ફટકારનારા ક્રિકેટર વિરેન્દ્ર સેહવાગના રેકોર્ડની અત્યંત નજીક પહોંચ્યો હતો. જો કે, તે રેકોર્ડ તોડે તે પહેલાં જ તેણે નિવૃત્તિની જાહેરાત કરી દીધી.

રોહિત શર્માએ પોતાની ટેસ્ટ ક્રિકેટ કારકિર્દીમાં કુલ ૮૮ છગ્ગા ફટકાર્યા હતા. તે ટેસ્ટ મેચમાં સૌથી વધુ છગ્ગા ફટકારનારા બેટર્સની યાદીમાં બીજા ક્રમે છે. જો તે ટેસ્ટમાં ત્રણ વધુ છગ્ગા ફટકારતો તો તે પ્રથમ ક્રમે પહોંચ્યો હોત. વિરેન્દ્ર સેહવાગે ટીમ ઈન્ડિયા તરફથી ૯૦ છગ્ગા ફટકારી ટેસ્ટમાં સૌથી વધુ છગ્ગા ફટકારનારો ખેલાડી છે.

# પક્ષીઓથી ઘણું શીખવા જેવું છે



અમરેલી, તા. ૯

૧. તેઓ રાતે કંઈ ખાતા નથી.

૨. તેઓ રાતે કયાંય ફરતા નથી.

૩. તે પોતાની જાતે જ પોતાના બાલ બચ્ચાઓને તાલીમ આપે છે. ટ્રેઈન થવા/કરવા બીજા પાંસે મોકલતા નથી.

૪. તેઓ ઠાંસી ઠાંસીને કદી ખાતા નથી. તમે કેટલાય દાણા નાખ્યા હોય તો પણ થોડુ ખાઈને ઉડી જશે. વળી જોડે ૧ દાણાય લઈ જતા નથી.

૫. રાત પડતા જ સુઈ જાય સવારે વહેલા જાગી જાય તે પણ ગાતા ગાતા વ ઉઠે.

૬. ગમે તેવું હોય તો પણ પોતાનો ખોરાક બદલતા જ નથી.

૭. પોતાના શરીર પાસેથી ખૂબ કામ લે છે. રાત સિવાય આરામ પણ કરતા નથી.

૮. બીમાર પડે તો ખાવાનું બંધ કરી દે છે. શરીર સારૂ થાય અને મનને ઠીક લાગે ત્યારે જ ખાય છે.

૯. પોતાના બચ્ચાઓને ખૂબ સ્નેહ કરે છે. ખૂબ પ્રેમ આપે છે.

૧૦. અંદરો–અંદર ઝગડવાનું ઓછું કરે છે અને હળી મળીને રહેવાનું પસંદ કરે છે.

૧૧. પોતાનું ઘર/માળો પણ ઈકો ફ્રેન્ડલી જ બનાવે અને તે પણ પોતાની જરૂરીયાત જેટલો જ.

–મિતલ ખેતાણી
(મો.૯૮૨૪૨૨૧૯૯૯)

# ''વીર હમીરસિંહજી ગોહિલ''ને અમરેલી ખાતે બલિદાન દિને પુષ્પાજંલિ અર્પણ કરવામાં આવી

## લાઠી રોડ ડેવલપમેન્ટ કમિટી દ્વારા પુષ્પાજંલિ અર્પણ



અમરેલી, તા. ૯

વૈશાખ સુદર નોમને મંગળવારના રોજ ધર્મ રક્ષક લાઠીના રાજપુત સપૂત ''વીર હમીરસિંહજી ગોહિલ''ના બલિદાન દિવસ નિમિત્તે સોમનાથ મહાદેવની સખાતે જઈ પોતાના પ્રાણની આહુતી આપનાર ખમીરવંતા કેસરીયા શહીદને બાયપાસ સર્કલ પાસે પુષ્પાજંલિ અર્પણ કરી ભાવવંદના કરવામાં આવી.

જેમાં આંતરરાષ્ટ્રીય હિંદુ પરિષદના સૌરાષ્ટ્ર પ્રાંતના અધ્યક્ષ ડો. જી.જે. ગજેરા, અમરેલી શહેર ભાજપના અધ્યક્ષ વિજયભાઈ ચોટલીયા, આરતીબેન અટારા, પ્રવિણાબેન રાઠોડ, મજબૂતભાઈ બસીયા, ડિ. ભાઈ બામટા, રોહિતભાઈ પડસાલા, કિશનભાઈ શિલુ, પંકજભાઈ પાઠક, ડિ.જી. મહેતા, કિશોરભાઈ આજુગીયા, એન.જી ગોહિલ, અમરેલી નગરપાલિકાના સદસ્ય તુલસીભાઈ મકવાણા, વિશ્વ હિન્દુ પરિષદ અમરેલી જીલ્લાના અધ્યક્ષ ઈતેશભાઈ મહેતા, ઉદયભાઈ ગોહિલ, જયેશભાઈ લિંબાણી, પંકજભાઈ મહેતા ભગીરથસિંહ જાડેજા, બળદેવસિંહ ગોહિલ હાજર રહ્યા હતા. ઉપરોકત સમગ્ર કાર્યક્રમનું સંકલન નિલદિપસિંહ ગોહિલએ કરેલ હતું.

# અકસ્માતને મોતને ભેટેલ નાગરીકોનાં પરિવારજનોને મોરારીબાપુ દ્વારા સહાય

ચલાલા, તા. ૯

ગત થોડા દિવસ પહેલા જમ્મુ કાશ્મીરના પૂંછ સેકરમાં સેનાના વાહનને અકસ્માત નડયો હતો. અને તેમાં ત્રણ જવાનોના મોત નિપજયા હતા. પૂજય મોરારીબાપુએ આ જવાનોની વીરગતિને વંદન કરી તેમના પરિવારજનોને રૂપિયા ૭૫,૦૦૦ની સહાયતા રાશિ અર્પણ કરી છે. જે ચિત્રકુટ ધામ ટ્રસ્ટ ધ્વારા સેના વેલફેર ફંડમાં મોકલવામાં આવશે. અન્ય ઘટનામાં ચલાલા નજીક મીઠાપુર ગામે યુવકોનાં ડૂબી જતાં મોત નિપજયા છે. તેમના પરિવારજનોને પ્રત્યેકને રૂપિયા ૧૫ હજાર લેખે ૬૦,૦૦૦ની સહાયતા રાશિ અર્પણ કરવામાં આવી છે. ચલાલા સ્થિત રામકથાના શ્રોતા લવકુભાઈ ધ્વારા રાશિ પહોંચાડવામાં આવશે. ખેડાબ્રહ્મા નજીક હાઈવે પર ત્રણ વાહનો વચ્ચે થયેલ અકસ્માતમાં ૫ લોકોનાં કરૂણ મોત નિપજયા હતા. તેમના પરિવારજનોને પણ રૂપિયા ૭૫,૦૦૦ની સહાયતા



રાશિ અર્પણ કરવામાં આવશે. ખેડાબ્રહ્મા સ્થિત રામકથાના શ્રોતા ધ્વારા આ સેવા પહોચતિ કરવામાં આવશે. મહુવાના વડલી બાયપાસ પર ઉમણીયાવદરના યુવકનું મોત નિપજયું હતું તેના પરિવારને પણ ૧૫,૦૦૦ની સહાયતા રાશિ અર્પણ કરવામાં આવી છે. પૂજય મોરારીબાપુએ તમામ મૃતકોના નિર્વાણ માટે પ્રાર્થના કરી છે અને તેમના પરિવારજનોને દિલસોજી પાઠવી છે.

# અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી તા. ૧૩ મેના રોજ રોજગાર ભરતી મેળો યોજાશે

અમરેલી, તા.૯

અમરેલી જિલ્લાના રોજગાર ઈચ્છુકો માટે રાજયના અગ્રગણ્ય એકમો માટે રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

૧૮થી ૪૦ વર્ષની વયમર્યાદા અને ખાલી જગ્યાઓને અનુરૂપ ધો.૧૦ પાસ, ધો.૧૨, આઈ.ટી.આઈ તમામ સ્નાતક, ડિપ્લોમા કોલેજ ડ્રોપઆઉટ ઉમેદવારો આઈ.ટી.આઈ મિકેનિક સહિતની શૈક્ષણિક લાયકાત ધરાવતા રોજગાર ઈચ્છુકો માટે અનુબંધમ વેબપોર્ટલના ડિજિટલ માધ્યમથી ભરતી મેળાનું આયોજન તા.૧૩ મે ૨૦૨૫ને મંગળવારના રોજ સવારે ૧૧ વાગ્યે અમરેલી લાઠી રોડ સ્થિત ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ.) ખાતે કરવામાં આવ્યું છે.

આ ભરતીમેળામાં ભાગ લેવા ઈચ્છતા ઉમેદવારોએ આધાર કાર્ડ તેમજ શૈક્ષણિક લાયકાતના તમામ દસ્તાવેજો સાથે અનુબંધમ વેબપોર્ટલ પર જોબસીકર તરીકે રજિસ્ટ્રેશન લિંક https;//anubandham.gujarat.in/account/signup પર નોંધણી કરવાની રહેશે તેમ અમરેલી જિલ્લા રોજગાર અધિકારીએ એમ યાદીમાં જણાવ્યું છે.

# ખેડુત પોર્ટલ ૨.૦ પર ઓનલાઈન અરજી કરી બાગાયત ખાતાની સહાયકારી યોજનાનો લાભ મેળવો

## ૩૧મે સુધીમાં નોંધણી કરાવી શકાશે

અમરેલી, તા. ૯

બાગાયત ખાતાની વિવિધ યોજનાઓનો વર્ષ ૨૦૨૫–૨૦૨૬ માટે લાભ મેળવવા જિલ્લાના ખેડુતોએ તા.૩૧મે ૨૦૨૫ સુધીમાં ઓનલાઈન અરજી કરવી.

કૃષિ યાંત્રિકરણને પ્રોત્સાહિત કરવાનો કાર્યક્રમમાં મીની ટ્રેકટર, રોટાવેટર (મીની) કલ્ટીવેટર (મીની), ટ્રેલર (મીની), પાણીનું ટેન્કર (મીની) તેમજ વધુ ખેતીવાળા ફળ પાકો સિવાયના ફળપાકો, વધુ ખેતીવાળા સુગંધિત પાકો, ઔષધીય પાકો, પમાંરોઝા, લેમન ગ્રાસ, તુલસી ખાસ, અને સ્વીટ બેસિલ જેવા અન્ય સુગંધિત પાકો, હાઈબ્રિડ શાકભાજી પાકોનું વાવેતર, સ્ટ્રોબેરી, કંદફુલ, દાંડીફુલ, છુટાફુલ, પોલી હાઉસ, નેટ હાઉસમાં ઉગાડવામાં આવતા અતિમૂલ્ય ધરાવતા ફળ અને શાકભાજીના પ્લાન્ટિંગ મટિરિયલ તથા ખેતી ખર્ચ માટે સહાય પોલી હાઉસમાં ઉગાડવામાં આવતા ગુલાબ, સેવંતી અને લિલિયમના પ્લાન્ટિંગ મટિરિયલ, ખેતી ખર્ચ માટે સહાય, પોલી હાઉસમાં ઉગાડવામાં આવતા કાર્નેશન, જર્બેરા, અન્થુર્યિમના પ્લાન્ટિંગ મટિરિયલ તથા ખેતી ખર્ચ માટે સહાય પ્લાન્ટેશન પાકો, મસાલા પાકો (રાઈઝોમેટિક અને બલ્બસ મસાલા) હની એક્ષ્ટ્રેકટર, મધમાખી હાઈવ માટે સહાય મધમાખી પેટી, બોક્ષ સમીહ સાથે (કોલોની) અને અનાનસ (ટીસ્યુ) વગેરે જેવા ઘટકોમાં મેળવવા ઈચ્છુક ખેડુતો માટે આઈ ખેડુત પોર્ટસ ૨.૦ મૂકવામાં આવ્યું છે.

ખેડુતોએ http;//ikhedut.gujarat.in વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરવી. લાભ લેવા ઈચ્છુક ખેડુતો આઈ–ખેડુત પોર્ટસ પર નોંધણી કર્યા બાદ જ અરજી કરી શકાશે.

અરજીમાં જણાવ્યા મુજબના કાગળો અપલોડ કરી અરજી કન્ફર્મ કરી અરજીની પ્રિન્ટ લઈને ખેડુતોએ પોતની પાસે રાખવી જેની નકલ મંજુરી મળ્યા બાદ કલેઈમ સબમિટ કરતી વખતે સહી કરી જરૂરી સાધનિક કાગળો સાથે નાયબ બાગાયત નિયાકમ જિલ્લા બાગાયત કચેરી બાગાયત ભવન સરદાર ચોક રામેશ્વર મંદિરની બાજુમાં અમરેલી પિન નં.૩૬૫૬૦૧ ખાતે રજુ કરવા તેમ અમરેલી જિલ્લા નાયબ બાગાયત નિયામકએ એમ યાદીમાં જણાવ્યું છે.

# પાના ૮ ઉપરનું ચાલું ધારીનાં નાની ગરમલી

બનાવટની વિદેશી દારૂની અલગ–અલગ બે બ્રાંડની ૭૫૦ એમ.એલ.ની કુલ બોટલ નંગ–૭૧૯ જેની કિંમત રૂપિયા ૧,૫૫,૩૭૦ તથા એક પીળા કલરની તાડપત્રી જેની કિંમત રૂા. ૨૦૦ તથા ટ્રકની કિંમત રૂપિયા ૧૦,૦૦,૦૦૦ સાથે ગેરકાયદેસર અને વગર પાસ–પરમીટે રૂપિયા ૧૧,૫૫,૫૭૦ ના મુદ્દામાલ સાથે હેરાફેરી કરતા ઝડપાય જતાં અને પોલીસે પુછપરછ કરતાં આરોપી બાલાભાઈ મનુભાઈ કડેવાલ (રહે. બાબરા ટ્રક માલિક), કીશનભાઈ સુરેશભાઈ દવે (રહે. લીલીયા), વિરાજભાઈ પ્રવિણચંદ્ર રાણા (રહે. ઢસા)એ મદદગારી કરેલ હોય. આ ત્રણ આરોપી હાજર નહી મળી આવતા ત્રણેય આરોપીની શોધખોળ આદરી છે.

# અમરેલીમાં આજે યુનિટી ગૃપ દ્વારા વન ઈલેકશન જાગૃતિ કાર્યક્રમ યોજાશે

અમરેલી, તા. ૯

આજરોજ તા.૧૦/૫/૨૫ ને શનિવારના રોજ રાત્રે ૯ વાગ્યે યુનીટી ગૃપ ઓફ વનનેશન વન ઈલેકશન મિશન ને લઈ જાગૃતિનુ માર્ગદર્શન સેમિનારનુ અયોજન કરેલ હોય આ કાર્યક્રમમાં અમરેલી, વડીયા–કુંકાવાવના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયા પ્રદેશ ભાજપના મંત્રી મહેશભાઈ કસવાલા તથા અમરેલી જિલ્લા ભાજપના પ્રમુખ અતુલભાઈ કાનાણી તથા અમરેલી શહેર તમામ વેપારીઓ, એનજીઓ તેમજ વિવિધ સંસ્થાઓ ઉપસ્થિત રહેવાની હોય અમરેલીના પ્રબુધ્ધ નાગરિકો અને વેપારીઓએ હાજરી આપવા જણાવવામાં આવેલ છે. હોટલ એન્જલ ખાતે આયોજન કરેલ છે.


શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળઃ- શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી. -Ad 050

સંકુલ ધો. ૧૦ ગુજરાતી મિડીયમ સ્ટુડન્ટ્સ ને ધો. ૧૧ કોમર્સ ઈંગ્લીશ મિડીયમમાં પ્રવેશ મળશે.

* ધો. ૧૦ ગુ.મી. ને ધો. ૧૧ કોમર્સ ઈ.મી. લેવલે પહોંચાડવા ખાસ વ્યવસ્થા
* આર્ટસ – મનોવિજ્ઞાન રાજયશાસ્ત્ર – સમાજશાસ્ત્ર અર્થશાસ્ત્ર / ઈતિહાસ ભૂગોળ
* સાયંસ - A & B ગૃપ - JEE-NEET-GUJCET-સરકારી સહાય Expert કલાસ
* ધો.૧૦ A1-A2ને ધો. ૧૧–૧૨ ફી રાહત – ધો.૧૨ A1-A2 ને ધો.૧૧–૧૨ ફી શરતી પરત
* સૌરાષ્ટ્ર ગુજરાતનું નામાંકિત નિવાસી ગર્લ્સ સંકુલ – 1997 થી કાર્યરત


**–//એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમા, અમરેલી //–**

અરજદાર : શ્રી બાવચંદભાઈ ભીમજીભાઈ વાવલીયા
રે. ખીજડીયા રાદડીયા, તા.જી. અમરેલી

અપીલ રજી.નં. ૬૩/૨૦૨૫

**વિરૂધ્ધ**

સમાવાળા : જન્મ–મરણ નોંધણી અધિકારીશ્રી – વ – તલાટી – કમ – મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. ખીજડીયા રાદડીયા, તા.જી. અમરેલી

**–: જાહેર નોટીસ :–**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના ખીજડીયા રાદડીયા ગામમા અરજદારશ્રી બાવચંદભાઈ ભીમજીભાઈ વાવલીયા તેઓના પુત્ર દિપકભાઈ બાવચંદભાઈ વાવલીયાની જન્મ (તા. ૨૧/૧૧/૧૯૮૩) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાપત્રમાં પ્રસીધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૦૭/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટના સીકકા કરી આપ્યા.

સિક્કો

એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ અમરેલી ગ્રામ્ય

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૭૮૦ | ૧૦૦૯ |
| ૨ | ગીરનાર શીંગ | ૯૯૩ | ૯૯૪ |
| ૩ | શિંગ મોટી | ૭૩૫ | ૧૦૧૭ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૯૦૦ | ૧૩૦૩ |
| ૫ | તલ સફેદ | ૧૨૭૦ | ૨૧૬૦ |
| ૬ | તલ કાળા | ૧૪૦૦ | ૩૮૦૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૧૩૫ | ૨૧૩૫ |
| ૮ | બાજરો | ૫૨૪ | ૫૨૪ |
| ૯ | જુવાર | ૬૨૫ | ૬૨૫ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૩૬૫ | ૫૩૨ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૧૮ |
| ૧૨ | મગ | ૧૬૦૦ | ૧૭૬૦ |
| ૧૩ | અડદ | ૧૧૪૫ | ૧૧૪૫ |
| ૧૪ | ચણા | ૮૦૦ | ૧૦૮૩ |
| ૧૫ | ચણા દેશી | ૧૧૦૨ | ૧૧૬૧ |
| ૧૬ | ચણા સફેદ | ૧૦૧૫ | ૧૧૬૧ |
| ૧૭ | તુવેર | ૭૭૦ | ૧૨૯૨ |
| ૧૮ | કપાસ | ૮૭૦ | ૧૫૩૭ |
| ૧૯ | એરંડા | ૧૦૪૦ | ૧૧૬૬ |
| ૨૦ | જીરૂ | ૨૧૫૦ | ૩૯૭૦ |
| ૨૧ | રાયડો | ૯૯૦ | ૯૯૦ |
| ૨૨ | રાય | ૯૯૫ | ૧૦૨૦ |
| ૨૩ | ધાણા | ૧૨૬૧ | ૧૨૮૬ |
| ૨૪ | ધાણી | ૧૧૬૦ | ૧૪૧૫ |
| ૨૫ | અજમા | ૮૭૫ | ૧૭૦૨ |
| ૨૬ | મેથી | ૫૨૦ | ૯૧૫ |
| ૨૭ | સોયાબીન | ૫૧૦ | ૭૫૩ |
| ૨૮ | વરીયાળી | ૧૫૪૦ | ૨૨૭૦ |
| ૨૯ | કાંગ | ૩૦૮ | ૫૫૫ |
| ૩૦ | સુવાદાણા | ૧૨૨૫ | ૧૩૫૦ |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૪૦ | ૧૫૭૬ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૬૧૦ | ૯૯૫ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૭૬ | ૧૪૨૦ |
| ૨ | મગફળી | ૮૫૧ | ૮૫૧ |
| ૩ | ચણા | ૧૦૧૨ | ૧૦૪૨ |
| ૪ | સોયાબીન | ૭૫૨ | ૭૫૨ |
| ૫ | મેથી | ૮૫૧ | ૮૫૧ |
| ૬ | જીરૂ | ૩૨૦૦ | ૩૨૦૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૫૦ | ૧૦૪૦ |
| ૨ | શીંગ મોટી | ૯૮૦ | ૧૧૪૦ |
| ૩ | તલ સફેદ | ૧૯૦૦ | ૨૧૨૦ |
| ૪ | તલ કાળા | ૩૪૦૦ | ૩૭૫૦ |
| ૫ | જીરૂ | ૩૮૦૦ | ૪૨૦૦ |
| ૬ | કપાસ | ૧૩૦૦ | ૧૫૦૧ |
| ૭ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૬૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૨૦ | ૬૦૦ |
| ૯ | બાજરો | ૫૦૦ | ૫૫૬ |
| ૧૦ | મકાઈ | ૬૫૦ | – |
| ૧૧ | અડદ | ૧૦૩૫ | – |
| ૧૨ | ચણા | ૧૦૪૦ | ૧૦૯૫ |
| ૧૩ | તુવેર | ૧૧૫૦ | ૧૩૫૧ |
| ૧૪ | એરંડી | ૧૧૦૦ | ૧૧૬૦ |
| ૧૫ | ધાણા | ૧૧૫૦ | ૧૨૦૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૨૦ | ૧૫૨૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૧૬૦ | ૧૩૯૦ |
| ૩ | મગફળી | ૯૭૫ | ૧૦૦૫ |
| ૪ | જીરૂ | ૩૭૬૦ | ૪૧૦૦ |
| ૫ | ઘઉં | ૪૭૦ | ૫૦૦ |
| ૬ | ચણા | ૧૦૫૬ | ૧૦૭૪ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૮૦૦ | ૯૬૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૦૫ |
| ૩ | ચણા | ૧૦૦૦ | ૧૦૫૫ |
| ૪ | તુવેર | ૧૦૨૦ | ૧૨૮૦ |
| ૫ | એરંડા | ૧૦૯૦ | ૧૧૧૫ |
| ૬ | મકાઈ | ૪૧૦ | ૪૮૧ |
| ૭ | અડદ | ૧૧૨૬ | ૧૧૫૦ |
| ૮ | તલ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૯ | શીંગ ફાડા | ૧૧૦૦ | ૧૧૫૦ |
| ૧૦ | બાજરો | ૪૬૦ | ૪૬૦ |
| ૧૧ | સોયાબીન | ૬૫૦ | ૭૩૧ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં લોકવન | ૩૨૫ | ૪૫૧ |
| ૨ | ઘઉં ટુકડા | ૪૭૧ | ૫૦૦ |
| ૩ | ચણા | ૧૦૫૧ | ૧૦૧૫ |
| ૪ | મેથી | ૭૦૦ | ૭૦૦ |
| ૫ | ધાણા | ૧૧૪૦ | ૧૧૪૦ |
| ૬ | જુવાર | ૪૮૦ | ૪૮૦ |
| ૭ | શીંગદાણા | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ૮ | મગફળી | ૯૦૦ | ૯૦૦ |
| ૯ | તુવેર | ૧૩૦૦ | ૧૩૪૦ |
| ૧૦ | સોયાબીન | ૬૫૦ | ૬૫૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૫૦ | ૧૦૦૦ |
| ૨ | તલ સફેદ | ૧૪૫૧ | ૨૧૫૦ |
| ૩ | કપાસ | ૧૨૪૦ | ૧૫૦૦ |
| ૪ | ઘઉં ટુકડા | ૫૧૬ | ૫૭૦ |
| ૫ | જુવાર | ૭૪૦ | ૮૩૧ |
| ૬ | મકાઈ | ૫૫૬ | ૫૫૬ |
| ૭ | અડદ | ૧૦૬૦ | ૧૪૨૫ |
| ૮ | તુવેર | ૯૦૦ | ૧૨૬૩ |
| ૯ | ચણા | ૮૭૫ | ૧૦૮૮ |
| ૧૦ | ધાણા | ૮૦૦ | ૧૧૦૦ |
| ૧૧ | સોયાબીન | ૭૩૧ | ૭૭૬ |
| ૧૨ | રાય | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૧૩ | એરંડી | ૧૧૨૫ | ૧૧૨૫ |

### સાંભામાં જવાનોની મોટી કાર્યવાહી

# ઘુસણખોરીનો પ્રયત્ન કરતા સાત આતંકીને ઠાર મરાયા

**જમ્મુ ફ્રન્ટિયર બીએસએફના સાંબા સેક્ટરમાં એક મોટા આતંકવાદી જૂથ દ્વારા ઘૂસણખોરીનો પ્રયાસ કરવામાં આવ્યો**

જમ્મુ, તા. ૯

ભારત અને પાકિસ્તાન વચ્ચે આ દિવસોમાં ઘણો તણાવ છે. ઓપરેશન સિંદૂર બાદ પાકિસ્તાન ગભરાટની સ્થિતિમાં છે. એટલા માટે તે અસફળ હુમલો કરવાનો પ્રયાસ કરી રહ્યો છે. ૮ અને ૯ મે ૨૦૨૫ની રાત્રે, જમ્મુ ફ્રન્ટિયર બીએસએફના સાંબા સેક્ટરમાં એક મોટા આતંકવાદી જૂથ દ્વારા ઘૂસણખોરીનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, જેને ભારતીય સેનાએ નિષ્ફળ બનાવ્યો હતો. પાકિસ્તાનથી ભારતમાં ઘૂસવાનો પ્રયાસ કરી રહેલા સાત આતંકવાદીઓને BSF એ ઠાર માર્યા છે. શરૂઆતની માહિતીમાં જાણવા મળ્યું છે કે માર્યા ગયેલા આતંકવાદીઓની ઓળખ જૈશ તરીકે થઈ છે. ભારત-પાકિસ્તાન તણાવ વચ્ચે સરહદ પર સુરક્ષા વધારી દેવામાં આવી છે.

આતંકવાદીઓએ મધ્યરાત્રિએ ઘૂસણખોરીનો પ્રયાસ કર્યો હતો, જેને ભારતીય સેનાએ નિષ્ફળ બનાવ્યો હતો. સેનાએ સમગ્ર ઘટનાનો એક વીડિયો પણ જાહેર કર્યો છે, જેમાં આતંકવાદીઓની ઘૂસણખોરી અને ગોળીબાર દેખાઈ રહ્યો છે. સેનાની આ જવાબી કાર્યવાહીમાં પાકિસ્તાનની ઢાંઢર ચોકીને ભારે નુકસાન થયું છે. જો અધિકારીઓનું માનીએ તો, આ ઘૂસણખોરીના પ્રયાસમાં પાકિસ્તાનની BAT એટલે કે બોર્ડર એક્શન ટીમ સામેલ હોઈ શકે છે.

સૈન્ય ટુકડી રાત્રે સરહદ પર પેટ્રોલિંગ કરી રહી હતી. આ દરમિયાન તેની નજર આતંકવાદીઓ પર પડી. રાત્રે લગભગ ૧૧.૩૦ વાગ્યે, આતંકવાદીઓએ આંતરરાષ્ટ્રીય સરહદેથી ભારતમાં પ્રવેશવાનો પ્રયાસ કર્યો. સૈનિકો દ્વારા રોકવામાં આવ્યા બાદ, તેણે ભાગવાનો પ્રયાસ કર્યો, પરંતુ સૈનિકોએ ગોળીબાર શરૂ કરી દીધો. ઘૂસણખોરીની દ્રષ્ટિએ સામ્બા પહેલેથી જ ખૂબ જ સંવેદનશીલ વિસ્તાર છે. આ જ કારણ છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા તણાવને ધ્યાનમાં રાખીને અહીં તકેદારી વધારી દેવામાં આવી છે.

જ્યારથી ભારતે ઓપરેશન સિંદૂર શરૂ કર્યું છે. ત્યારથી પાકિસ્તાન ગભરાટની સ્થિતિમાં છે. ભારત આતંકવાદીઓના ઠેકાણાઓ અને આતંકવાદીઓ સામે સતત કાર્યવાહી કરી રહ્યું છે. આનાથી હતાશ થઈને, પાકિસ્તાને જમ્મુ એરપોર્ટ પર હુમલો કરવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો, જેને ભારતીય સેનાએ નિષ્ફળ બનાવ્યો. આ ઓપરેશનમાં ૫૦ થી વધુ પાકિસ્તાની ડ્રોનને તોડી પાડવામાં આવ્યા હતા. આ જ કારણ છે કે પાકિસ્તાન બદલો લેવા માટે સતત નિષ્ફળ પ્રયાસો કરી રહ્યું છે.

### હુર્રિયત કોન્ફરન્સના અધ્યક્ષે હવે ખાસ અપીલ કરી છે

# ભારત-પાકિસ્તાનને પરિસ્થિતિ સામાન્ય બનાવવા વિનંતી કરી છે

**મીરવાઇઝે કહ્યું, “હું બંને દેશોને તાત્કાલિક તણાવ ઓછો કરવા અને આ ખતરનાક માર્ગ પર ન જવા વિનંતી કરું છું**

જમ્મુ, તા. ૯

ભારતે પાકિસ્તાનમાં અનેક આતંકવાદી ઠેકાણાઓ પર મિસાઈલો અને ડ્રોનથી હુમલો કર્યો છે. ભારત હવે પાકિસ્તાનના લશ્કરી ઠેકાણાઓને પણ નિશાન બનાવી રહ્યું છે. ભારત-પાકિસ્તાન તણાવ વચ્ચે, હુર્રિયત કોન્ફરન્સના પ્રમુખ મીરવાઈઝ ઉમર ફારૂકે શુક્રવારે એક મોટી અપીલ કરી. કાશ્મીરી નેતા મીરવાઈઝ ઉમર ફારૂકે ભારત અને પાકિસ્તાન બંનેને પરિસ્થિતિ સામાન્ય બનાવવા વિનંતી કરી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટમાં, હુર્રિયત કોન્ફરન્સના અધ્યક્ષ મીરવાઈઝે કહ્યું, “હું બંને દેશોને તાત્કાલિક તણાવ ઓછો કરવા અને આ ખતરનાક માર્ગ પર ન જવા વિનંતી કરું છું, જે ફક્ત વિનાશ તરફ દોરી શકે છે.” તેમણે કહ્યું કે ભારત અને પાકિસ્તાન વચ્ચેના તણાવનો ભોગ કેન્દ્રશાસિત પ્રદેશના લોકો બની રહ્યા છે. । સાથે તેમણે કહ્યું, ‘જેમ જેમ યુદ્ધનો ખતરો વધી રહ્યો છે અને કિંમતી જીવનનું નુકસાન તરહાઈ રહ્યું છે.’ આપણા હૃદયમાં ઊંડો શોક અને ચિંતા છે. કમનસીબે, જ્યારે પણ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધે છે, ત્યારે જમ્મુ અને કાશ્મીરના લોકો સૌથી વધુ પીડાય છે. LOC પારના લોકો ભારે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે કારણ કે તેમના જીવન, આશ્રય અને આજીવિકાના નુકસાનને વ્યક્તિગત નુકસાન તરીકે જોવામાં આવે છે.

૨૨ એપ્રિલે પહેલગામ હત્યાકાંડના જવાબમાં ભારતીય સશસ્ત્ર દળોએ પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં આતંકવાદી માળખા પર હુમલો કર્યો ત્યારથી નવી દિલ્હી અને ઈસ્લામાબાદ વચ્ચે તણાવ વધી ગયો છે.

### ડ્રોન તોડી પાડવામાં આવ્યું

# ગુજરાતના જામનગર ઉપર પાકિસ્તાનનો ડ્રોન એટેકનો પ્રયાસ

**પાકિસ્તાન દ્વારા ભારતીય ક્ષેત્રમાં સતત ડ્રોન અને મિસાઈલ હુમલાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે**

જામનગર, તા.૯

ભારત અને પાકિસ્તાન વચ્ચે સરહદ પર ચાલી રહેલા તણાવમાં સતત વધારો થઈ રહ્યો છે. જેના પગલે ગુજરાત રાજ્ય પણ હાઈ એલર્ટ પર છે. પાકિસ્તાન દ્વારા ભારતીય ક્ષેત્રમાં સતત ડ્રોન અને મિસાઈલ હુમલાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ત્યારે જામનગરમાં વહેલી સવારે જોવા મળેલા પાકિસ્તાની ડ્રોનને તોડી પાડવામાં આવ્યું છે. ગુજરાતના જામનગરમાં સવારે ૪ વાગ્યે એક પાકિસ્તાની ડ્રોન જોવા મળ્યું હતું. ડ્રોનને કારણે જામનગરમાં સવારે ૪ વાગ્યે બ્લેકઆઉટ લાગુ કરવામાં આવ્યું હતું. આ પહેલા કચ્છમાં બુધવારે પાકિસ્તાન દ્વારા કરાયેલા હુમલાના નિષ્ફળ પ્રયાસ બાદ ત્રણ ડ્રોન દેખાયા હોવાની આશંકાના પગલે ભુજ, નલિયા, નખત્રાણા અને ખાવડામાં બ્લેકઆઉટ કરી દેવાયો હતો. બુધવારે પણ કચ્છ પર પાકિસ્તાને હુમલાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ ભારતે એર ડિફેન્સ સિસ્ટમથી હુમલાને નિષ્ફળ બનાવી દીધો હતો.ભારત સરકાર દ્વારા દેશના કુલ ૨૪ એરપોર્ટ માટે એરમેનને નોટિસ જાહેર કરવામાં આવી છે. જેમાંથી ગુજરાતમાં જામનગર, રાજકોટ (હિરાસર), પોરબંદર, કેશોદ, કંડલા, ભુજ અને મુન્દ્રા (અદાણી) એરપોર્ટનો સમાવેશ થાય છે. આ તમામ એરપોર્ટ સામાન્ય નાગરિકો માટે બંધ કરી દેવામાં આવ્યા છે. એરમેનને નોટિસ આપવાનો અર્થ એ છે કે આ એરપોર્ટ પર ફ્લાઈટની કામગીરી અસ્થાયી રૂપે સ્થગિત કરવામાં આવી છે. આ નિર્ણયનો મુખ્ય ઉદ્દેશ્ય હવાઈ સુરક્ષા જાળવવાનો અને સશસ્ત્ર દળો માટે ઓપરેશનલ તૈયારી સુનિશ્ચિત કરવાનો છે.

### ૪૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ

# પાકિસ્તાન વચ્ચે તણાવ વધતા ભારતના ૨૫ એરપોર્ટ બંધ

**ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવને લઈ દેશના એરપોર્ટમાં એલર્ટ જારી કરવામાં આવ્યું છે**

મુંબઈ-નવી દિલ્હી, તા.૯

ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવને લઈ દેશના એરપોર્ટમાં એલર્ટ જારી કરવામાં આવ્યું છે. તમામ એરપોર્ટ પરના પ્રવાસીઓને સેકન્ડરી લેડર પોઈન્ટ ચેકિંગ યાની એસએલપીસી કરવામાં આવશે. આ મુદ્દે ઈન્ડિગો ને સ્પાઈસ જેટે ટ્રાવેલ એડવાઝરી જારી કરી છે, જ્યારે પ્રવાસીઓને પણ સાવધાની રાખવાનો અનુરોધ કર્યો છે. દેશના મહત્વના ૨૫ એરપોર્ટસ હંગામી ધોરણે બંધ કરવામાં આવ્યા છે, જયારે ૪૦૦થી વધુ ફ્લાઈટ્સને કેન્સલ કરવામાં આવી છે. એટલું જ નહીં, આગામી આદેશ સુધી બંધ રહેશે.પહલગામ હુમલાનો બદલો લેવા માટે ભારતીય આતંકવાદીઓ કેમ્પ પર હુમલો કરવા માટે ઓપરેશન સિંદૂર હાથ ધર્યા પછી પાકિસ્તાનની ઊંઘ હરામ થઈ છે, ત્યારે સરહદ પાર કરીને પાકિસ્તાન દ્વારા હુમલો કરવામાં આવતા ધીમી ધીમે તંગ પરિસ્થિતિ ઊભી થઈ રહી છે.દેશમાં હવાઈ હુમલો થવાનું શરુ થવાથી સુરક્ષાના ભાગરુપે પ્રશાસન દ્વારા એરપોર્ટ પ્રશાસન તરફથી એલર્ટ જારી કરવામાં આવ્યું છે. સરહદી વિસ્તારના રાજ્યો વધુ સંવેદનશીલ હોવાથી સુરક્ષાના ભાગરુપે નિર્ણય લીધો છે, કારણ કે પાકિસ્તાને પઠાણકોટ, જલંધર અને જેસલમેરમાં ડ્રોનથી હુમલો કર્યો હતો. એર ઈન્ડિયાથી લઈને ઈન્ડિગોની અનેક ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે,

જેમાં સ્પાઈસ જેટ, એર ઈન્ડિયા એક્સપ્રેસ, અકાસા એર સહિત વિદેશી એરલાઈન્સનો સમાવેશ થાય છે.ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધતા સરહદી રાજ્યમાં જેમ કે પંજાબ, જમ્મુ કાશ્મીર, લદ્દાખ, ગુજરાત, રાજસ્થાન અને હિમાચલ પ્રદેશના ૨૫ એરપોર્ટસને પેસેન્જર સર્વિસને બંધ કરવામાં આવી છે. ઉત્તર અને પશ્ચિમ ભારતના એરપોર્ટ પૈકી શ્રીનગર સિવાય લેહ, જમ્મુ, અમૃતસર, પઠાણકોટ, ચંદીગઢ, જોધપુર, જૈસલમેર, શિમલા, ધર્મશાલા અને જામનગરનો સમાવેશ થાય છે. બીજી બાજુ એરલાઈન્સ દ્વારા એડવાઈઝરી જારી કરવામાં આવી છે.ઈન્ડિગો અને સ્પાઈસજેટે ટ્રાવેલ એડવાઈઝરી જારી કરીને પેસેન્જરે સાવધાની રાખવાનો અનુરોધ કર્યો છે. સ્પાઈસ જેટે પ્રવાસીઓને ખાસ કરીને એરપોર્ટ પર મહત્તમ ત્રણ કલાક પૂર્વે એરપોર્ટ પહોંચવાની ભલામણ કરી છે, જ્યારે ઈન્ડિગો ટવિટ કરીને લખ્યું છે સિક્યોરિટી માટે વધુ સમય લાગતો હોવાથી ઔપચારિક કામગીરી માટે સ્ટાફને જરુરી સમય આપવા ભલામણ કરી છે.એના સિવાય નાગરિક ઉડ્ડયન સુરક્ષા બ્યુરોએ પણ તમામ એરપોર્ટસ અને એરલાઈનને સુરક્ષા મુદ્દે વધુ પગલા ભરવાનો નિર્દેશ આપ્યો છે.

### BCCIની બેઠક બાદ આ મોટો નિર્ણય લેવામાં આવ્યો

# ભારત-પાકિસ્તાન વચ્ચે વધતા તણાવના કારણે IPL સ્થગિત

**હવે બીસીસીઆઈની પહેલી પ્રાથમિક્તા વિદેશી ખેલાડીઓને ઘરે મોકલવાની છે : બીસીસીઆઈ ટૂંક સમયમાં જ નવી તારીખોની જાહેરાત કરશે**

નવી દિલ્હી, તા.૯

IPL 2025 અધવચ્ચે જ મુલતવી રાખવામાં આવી છે. ૯ મેના રોજ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ની બેઠક બાદ આ મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. આજથી IPL 2025ની બાકીની મેચો રમાશે નહીં. હવે BCCIની પહેલી પ્રાથમિકતા વિદેશી ખેલાડીઓને ઘરે મોકલવાની છે. બીસીસીઆઈ ટૂંક સમયમાં નવી તારીખોની જાહેરાત કરશે. બીસીસીઆઈના અધિકારી રાજીવ શુક્લાએ મીડિયા સાથેની વાતચીતમાં કહ્યું કે હાલ આઈપીએલ ફક્ત અઠવાડિયા માટે અટકાવવામાં આવી છે અને પછી ભારત અને પાકિસ્તાન વચ્ચે સંઘર્ષની સ્થિતિ કેવી રહી છે તેને આધારે નવો નિર્ણય લેવામાં આવશે.

IPL 2025માં ૮ મે સુધી ૫૮ મેચ રમાઈ હતી, જેમાં પંજાબ કિંગ્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચેની મેચનો સમાવેશ થાય છે. ૮ મેના રોજ ધર્મશાલામાં યોજાવાની આ મેચ ભારત-પાકિસ્તાન તણાવને કારણે અધવચ્ચે જ રદ કરવામાં આવી હતી. આ દરમિયાન, ધર્મશાલામાં હિમાચલ પ્રદેશ ક્રિકેટ એસોસિએશન (HPCA) સ્ટેડિયમ ખાલી કરાવવામાં આવ્યું હતું. ખેલાડીઓને ધર્મશાળાથી દિલ્હી લાવવા માટે એક ખાસ ટ્રેન ચલાવવામાં આવી હતી. આઈપીએલની આ સીઝન આજથી જ સ્થગિત કરવામાં આવી છે. હવે વિશ્વની સૌથી રોમાંચક T20 લીગની બાકીની મેચો પરિસ્થિતિ સામાન્ય થયા પછી જ યોજાશે. તેની તારીખો ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. બીજો વિકલ્પ એ હોઈ શકે છે કે મેચ ખાલી સ્ટેડિયમમાં યોજવામાં આવે અને દર્શકોને સ્ટેડિયમમાં પ્રવેશવા પર પ્રતિબંધ મૂકવામાં આવે.

૨૦૨૪ની આઈપીએલ બે ભાગમાં રમાઈ હતી કારણ કે તે જ સમયે લોકસભાની ચૂંટણીઓ પણ યોજાઈ રહી હતી. પહેલો ભાગ ૨૨ માર્ચથી ૭ એપ્રિલ સુધી ચાલ્યો હતો, જેમાં ૨૧ મેચ રમાઈ હતી. આ પછી, જ્યારે ચૂંટણીની તારીખો નક્કી કરવામાં આવી, ત્યારે બાકીની મેચો અને પ્લેઓફ શેડ્યૂલ કરવામાં આવ્યા અને રમાઈ. આ કારણે ટુર્નામેન્ટ સરળતાથી યોજાઈ શકી અને કોઈ સમસ્યા ના થઈ.

આ વર્ષે ઈન્ડિયન પ્રીમિયર લીગ અને પાકિસ્તાન સુપર લીગનું આયોજન લગભગ એકસાથે કરવામાં આવ્યું છે. પીએસએલ ૨૦૨૫ ૧૧ એપ્રિલના રોજ શરૂ થઈ હતી. જ્યારે IPL 22 માર્ચે શરૂ થઈ હતી. પીએસએલ ડ્રાફ્ટ આઈપીએલ ૨૦૨૫ મેગા ઓક્શન પછી યોજવામાં આવ્યો હતો, જેથી ફક્ત તે ખેલાડીઓનો જ સમાવેશ કરી શકાય જે આઈપીએલ ઓક્શનમાં અનસોલ્ડ રહ્યા હતા.

### સેન્સેક્સ અને નિફ્ટીમાં મોટો કડાકો

# ભારત-પાકિસ્તાન તણાવ વચ્ચે શેરબજાર ધડામ

**સેન્સેક્સ ઘટીને ૭૯,૪૫૪.૪૭ પર બંધ થયો હતો**

મુંબઈ, તા.૯

શેરબજારમાં મિડકેપ-સ્મોલકેપ ઈન્ડેક્સ તળિયેથી રિકવર થયા પછી બંધ થયો હતો. જેમાં રિયલ્ટી, બેંકિંગ, તેલ અને ગેસ શેરોમાં વેચવાલી જોવા મળી. FMCG, PSE, IT શેરોમાં દબાણ રહ્યું. ડિફેન્સ અને PSU બેંક સંબંધિત શેરોમાં વધારો થયો હતો. નિફ્ટીમાં ICICI બેંક, પાવર ગ્રીડ કોર્પ, અલ્ટ્રાટેક સિમેન્ટ, શ્રીરામ ફાઈનાન્સ, ગ્રાસિમ ઈન્ડસ્ટ્રીઝ ટોચના ઘટાડા કરનારા શેર હતા.જ્યારે ટાઈટન કંપની, ટાટા મોટર્સ, એલ એન્ડ ટી, ભારત ઈલેક્ટ્રોનિક્સ, હીરો મોટોકોર્પ સૌથી વધુ વધ્યા હતા. જ્યારે રિયલ્ટી ઈન્ડેક્સ ૨.૫ ટકા ઘટીને બંધ થયો. જ્યારે PSU બેંક ઈન્ડેક્સ ૧.૩ ટકાના ઘટાડા સાથે બંધ થયો હતો, ત્યારે મીડિયા, કન્ઝ્યુમર ડ્યુરેબલ, કેપિટલ ગુડ્સ, PSU બેંક ઈન્ડેક્સ ૦.૮-૧.૬ ટકાના ઘટાડા સાથે બંધ થયો હતો. ટ્રેડિંગના અંતે, સેન્સેક્સ ૮૮૦,૩૪ પોઈન્ટ અથવા ૧.૧૦ ટકા ઘટીને ૭૯,૪૫૪.૪૭ પર બંધ થયો. બીજી તરફ, નિફ્ટી ૨૬૫.૮૦ પોઈન્ટ અથવા ૧.૧૦ ટકા ઘટીને ૨૪,૦૦૮.૦૦ પર બંધ થયો.

શુક્રવારે સંરક્ષણ ક્ષેત્રની કંપની પારસ ડિફેન્સનો શેર ખુલતાની સાથે જ તેજીમાં જોવા મળ્યો. ટ્રેડિંગની શરૂઆતમાં તે લગભગ ૬ ટકા ઉછળીને રૂ. ૧૪૩૯ પર પહોંચી ગયો. શેરમાં વધારાને કારણે કંપનીનું માર્કેટ કેપ પણ રૂ. ૭૭૮૦ કરોડ સુધી પહોંચી ગયું. જો આપણે કોચીન શિપયાર્ડના શેરની વાત કરીએ તો તે પણ વધારા સાથે ખુલ્યો અને ૧૪૨૬.૨૦ રૂપિયા પર ખુલ્યા પછી ટ્રેડિંગના ટૂંકા સમયમાં તે ૩ ટકા વધીને ૧૪૮૪ રૂપિયા પર પહોંચી ગયો. શેરના ભાવમાં આ વધારાને કારણે કંપનીનું બજાર મૂલ્ય પણ વધીને ૩૮૮૩૦ કરોડ રૂપિયા થઈ ગયું. શરૂઆતના વેપારમાં માઝાગોન ડોક શિપબિલ્ડર્સ લિમિટેડનો શેર પણ રોકેટ ગતિએ દોડતો જોવા મળ્યો હતો અને ૨૮૧૭ પર ખુલ્યા પછી તે મિનિટોમાં લગભગ ૪ ટકા વધીને ૨૯૧૫ ના સ્તરે પહોંચી ગયો. આ શેરમાં ઉછાળાને કારણે સંરક્ષણ કંપનીની બજાર મૂડી પણ વધીને રૂ. ૧.૧૭ લાખ કરોડ થઈ ગઈ.

શુક્રવારે શેરબજારમાં શરૂઆતના ટ્રેડિંગ દરમિયાન ભાગી ગયેલા સંરક્ષણ શેરોની યાદીમાં ભારત ડાયનેમિકસનો સ્ટોક પણ સામેલ હતો. ભારત ડાયનેમિકસનો શેર ૧૪૫૫ પર ખુલ્યો અને પછી અચાનક તે ૯ ટકાથી વધુ વધીને રૂ. ૧૫૯૫ પર ટ્રેડ થઈ રહ્યો હતો. આ જબરદસ્ત વૃદ્ધિની અસર કંપનીના સ્ક્રૂટ પર જોવા મળી અને તે વધીને રૂ. ૫૮૦૭૦ કરોડ થઈ ગયું.

### ઓપરેશન સિંદૂરથી દેશની હિંમત વધી

# આતંકવાદીઓ સામે આ યોગ્ય કાર્યવાહી : RSS

**રાષ્ટ્રીય સંકટની આ ઘડીમાં આખો દેશ તન, મન અને ધનથી સરકાર અને સશસ્ત્ર દળોની સાથે ઉભો છે : સંઘ**

નવી દિલ્હી, તા.૯

ભારત અને પાકિસ્તાન વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનું એક નિવેદન હવે સામે આવ્યું છે. ઓપરેશન સિંદૂરની પ્રશંસા કરતા સંઘે કહ્યું કે ઓપરેશન સિંદૂરથી દેશની હિંમત વધી છે. તેમણે સેનાની આ કાર્યવાહી વિશે એમ પણ કહ્યું કે, આતંકવાદીઓ સામે આ સંપૂર્ણપણે યોગ્ય કાર્યવાહી છે. જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં ૨૨ એપ્રિલે આતંકવાદી હુમલો થયો હતો. આ હુમલા પછી ભારતે ૬-૭ મેના રોજ પાકિસ્તાન સામે ઓપરેશન સિંદૂર ચલાવ્યું. આ ઓપરેશન દ્વારા ભારતે પાકિસ્તાનને સ્પષ્ટ કરી દીધું કે ભારત આતંકવાદ સામે ચૂપ નહીં રહે. ઓપરેશન સિંદૂર હેઠળ ભારતે પાકિસ્તાનમાં ૯ આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવ્યા અને તેમને નષ્ટ કર્યા. આ પછી ગુરુવારે રાત્રે પાકિસ્તાને પણ ભારત પર હુમલો કરવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે કહ્યું, “પહેલગામની કાયરતાપૂર્ણ આતંકવાદી ઘટના પછી પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદીઓ અને તેમના સમર્થક પર્યાવરણ સામે નિર્ણાયક કાર્યવાહી ઓપરેશન સિંદૂર માટે ભારત સરકાર અને સશસ્ત્ર દળોના નેતૃત્વને હાર્દિક અભિનંદન.” હિન્દુ યાત્રાળુઓના હત્યાકાંડમાં પીડિત પરિવારો અને સમગ્ર રાષ્ટ્રને ન્યાય અપાવવા માટેના આ પગલાથી સમગ્ર રાષ્ટ્રના આત્મસન્માન અને હિંમતમાં વધારો થયો છે.

અમે એમ પણ માનીએ છીએ કે પાકિસ્તાનમાં આતંકવાદીઓ તેમના માળખાગત સુવિધાઓ અને સહાયક પ્રણાલી સામે કરવામાં આવી રહેલી લશ્કરી કાર્યવાહી દેશની સુરક્ષા માટે જરૂરી અને અનિવાર્ય પગલું છે. રાષ્ટ્રીય સંકટની આ ઘડીમાં આખો દેશ તન, મન અને ધનથી સરકાર અને સશસ્ત્ર દળોની સાથે ઉભો છે.

પડોશી દેશની નિંદા કરતા સંઘે કહ્યું કે અમે પાકિસ્તાની સેના દ્વારા ભારતીય સરહદ પર ધાર્મિક સ્થળો અને નાગરિક વસાહતો પર કરવામાં આવી રહેલા હુમલાઓની નિંદા કરીએ છીએ અને આ હુમલાઓનો ભોગ બનેલા લોકોના પરિવારો પ્રત્યે અમારી હૃદયપૂર્વકની સંવેદના વ્યક્ત કરીએ છીએ.

સંઘે વધુમાં જણાવ્યું હતું કે, આ પડકારજનક પ્રસંગે, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ તમામ દેશવાસીઓને સરકાર અને વહીવટીતંત્ર દ્વારા આપવામાં આવેલી તમામ માહિતીનું સંપૂર્ણ પાલન સુનિશ્ચિત કરવા અપીલ કરે છે. આ સાથે, આ પ્રસંગે આપણે આપણી નાગરિક ફરજ બજાવતી વખતે એ પણ ધ્યાન રાખવું પડશે કે આપણે સામાજિક એકતા અને સુમેળને ખલેલ પહોંચાડવાના રાષ્ટ્રવિરોધી પરિબળોના કોઈપણ કાવતરાને સફળ ન થવા દઈએ.

### ફોર્સ બોર્ડર તરફ રવાના

# ભુજથી શરૂ થઈ ભારતીય સેનાની મોટી મુવમેન્ટ

**પાકિસ્તાની બોર્ડર પર હાલ હાઈ એલર્ટની સ્થિતિ છે, બનાસકાંઠા-કચ્છમાં સેનાની હલચલ વધી ગઈ છે**

કચ્છ, તા.૯

પાકિસ્તાને જમ્મુ-કાશ્મીરના એરપોર્ટ પર કરેલા હુમલા બાદ ભારત જડબાતોડ જવાબ આપી રહ્યું છે. ભારત હાલ પાકિસ્તાનમાં ઘૂસીને હુમલો કરી રહ્યું છે.

ભારત છેક લાહોર, સિયાલકોટ સુધી પહોંચી ગયું છે. પાકિસ્તાનની મિસાઈલોને તોડી પાડવામાં આવી હતી. અત્યાર સુધી ભારતીય બાજુ કોઈ જાનહાનિના સમાચાર નથી. તો બીજી તરફ, ગુજરાતના ભૂજથી ભારતીય સેનાની હિલચાલ તીવ્ર બની ગઈ છે અને ફોર્સને સરહદ તરફ મોકલવામાં આવી છે.

પાકિસ્તાને ભારતના જમ્મુ અને જેસલમેર પર મિસાઈલ હુમલો કર્યો. ભારતે આ હુમલાઓનો જોરદાર જવાબ આપ્યો છે અને પાકિસ્તાનની મિસાઈલોને ભારતના હવાઈ સંરક્ષણ પ્રણાલી દ્વારા તોડી પાડવામાં આવી છે. અત્યાર સુધી ભારતીય બાજુ કોઈ જાનહાનિના સમાચાર નથી. હવે ગુજરાતના ભૂજથી ભારતીય સેનાની હિલચાલ તીવ્ર બની ગઈ છે અને ફોર્સને સરહદ તરફ મોકલવામાં આવી છે.

ગાંધીનગર કમાન્ડ કંટ્રોલ સેન્ટર એલર્ટ પર આવી ગયું છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર સતત હુમલાની ખબરથી ધમધમી ઉઠ્યું છે. પાકિસ્તાનના હુમલાને પગલે સ્ટેટ ઈમર્જન્સી સેન્ટર પર રાહત કમિશનર આલોક પાંડે સહિતના અધિકારીઓ હાજર રહ્યાં. ગુજરાતના સરહદી વિસ્તારો ઉપર અને સ્થાનિક પ્રશાસન સાથે તાલમેલની કામગીરી થઈ રહી છે. મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ જયંતિ રવિ સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર પર પહોંચ્યા.

બનાસકાંઠાના બોર્ડરના વિસ્તારમાં તંત્ર અને પોલીસ પહોંચી ગઈ છે. નડાબેટ બોર્ડરના ગામોને એલર્ટ કરાયા છે. સૂઈગામના ગોલપપાડન, ગોલપ નેસડા, રડોસણ, મેઘપુરા, જલોયા, નડાબેટ, મસાલી, માધપુરા, દુદોસણ અને બોરું સહિત ગામોને એલર્ટ કરાયા છે. સુઈગામના ૧૧ અને વાવના ૧૩ ગામોને એલર્ટ મોડ પર મૂકાયા છે. તો વાવના ૧૩ અને સુઈગામના ૧૧ ગામોમાં બ્લેકઆઉટ જાહેર કરાયું છે. સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ બ્લેકઆઉટ અપાયું છે.

### સ્વીકાર્યું કે તેને મોટું નુકસાન થયું

# પાકિસ્તાને ફરી રડતા રડતા આખી દુનિયા પાસે માંગી લોન

**પાકિસ્તાન સરકારે વિશ્વભરના તેના આંતરરાષ્ટ્રીય ભાગીદારો પાસેથી વધુ લોનની માંગણી કરી છે**

ઈસ્લામાબાદ, તા. ૯

ભારત પાકિસ્તાનની દરેક કાર્યવાહીનો યોગ્ય જવાબ આપી રહ્યું છે. આ દરમિયાન, પાકિસ્તાનની હાલત વધુ ખરાબ થઈ ગઈ છે. તાજેતરમાં પાકિસ્તાન સરકારે આખી દુનિયા સમક્ષ ભીખ માંગી છે. પાકિસ્તાન સરકારના આર્થિક બાબતોના વિભાગ અનુસાર, ભારતીય હુમલામાં પાકિસ્તાનને ભારે નુકસાન થયું છે. આવી સ્થિતિમાં, હવે પાકિસ્તાન સરકારે વિશ્વભરના તેના આંતરરાષ્ટ્રીય ભાગીદારો પાસેથી વધુ લોનની માંગણી કરી છે.

પાકિસ્તાન સરકારના આર્થિક બાબતો વિભાગની એક પોસ્ટ સામે આવી છે. “દુશ્મન દ્વારા ભારે નુકસાન થયા બાદ પાકિસ્તાન સરકાર આંતરરાષ્ટ્રીય ભાગીદારોને વધુ લોન માટે અપીલ કરે છે. યુદ્ધમાં વધારો અને સ્ટોકમાં ઘટાડો વચ્ચે, અમે આંતરરાષ્ટ્રીય ભાગીદારોને તણાવ ઓછો કરવામાં મદદ કરવા વિનંતી કરીએ છીએ. રાષ્ટ્રને મક્કમ રહેવા વિનંતી કરવામાં આવે છે,” સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક પોસ્ટ વાંચવામાં આવી. પાકિસ્તાને આ પોસ્ટમાં વિશ્વ બેંકને પણ ટેગ કર્યું છે. તે જ સમયે, ભારત-પાકિસ્તાન તણાવ પર ચીન તરફથી એક મોટું નિવેદન સામે આવ્યું છે. “અમે ગઈકાલે ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલી પરિસ્થિતિ પર ચીનનું વલણ શેર કર્યું હતું. ચીન વર્તમાન વિકાસ અંગે ચિંતિત છે. ભારત અને પાકિસ્તાન હંમેશા એકબીજાના પડોશી છે અને રહેશે. તેઓ બંને ચીનના પડોશી પણ છે,” ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા લિન જિયાને ગઈકાલે જણાવ્યું હતું. “ચીન તમામ પ્રકારના આતંકવાદનો વિરોધ કરે છે. અમે બંને પક્ષોને શાંતિ અને સ્થિરતાના વ્યાપક હિતમાં કાર્ય કરવા, યુએન ચાર્ટર સહિત આંતરરાષ્ટ્રીય કાયદાનું પાલન કરવા, શાંતિ જાળવવા, સંયમ રાખવા અને પરિસ્થિતિને વધુ જટિલ બનાવી શકે તેવા પગલાં લેવાથી દૂર રહેવા વિનંતી કરીએ છીએ. અમે વર્તમાન તણાવને ઓછો કરવામાં રચનાત્મક ભૂમિકા ભજવવા માટે બાકીના આંતરરાષ્ટ્રીય સમુદાય સાથે કામ કરવા તૈયાર છીએ,” જિયાને કહ્યું.

પાકિસ્તાન દ્વારા રાત્રે ભારતના ઘણા શહેરોને નિશાન બનાવવામાં આવ્યા હતા. આ પછી, વિવિધ શહેરોમાં બ્લેકઆઉટ લાદવામાં આવ્યો. હાલમાં, રાજસ્થાનના સરહદી જિલ્લાઓ જેમ કે જોધપુર, જેસલમેર, બિકાનેર અને ગંગાનગર એલર્ટ પર છે. ભારતે તેમના ત્રણ ફાઈટર જેટ પણ તોડી પાડ્યા છે, જેમાં બે લ્હ-૧૭ અને એક લ્હ-૧૬નો સમાવેશ થાય છે અને તેમના એક પાઈલટને પણ પકડી લેવામાં આવ્યો છે. કહેવામાં આવી રહ્યું છે કે આ પાયલટ રાજસ્થાનના લાઠીથી પકડાયો છે. એ જ રીતે, ગુરુવારે રાત્રે પાકિસ્તાને જમ્મુ-કાશ્મીર, પંજાબ અને રાજસ્થાન પર મિસાઈલો અને ડ્રોનથી હુમલો કર્યો. તે જ સમયે, ગુજરાતમાં કેટલાક ડ્રોન પણ જોવા મળ્યા.

### પાકિસ્તાન સામે મોટી કાર્યવાહીના એંધાણ!

# કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહની પેરામિલિટ્રીના વડા સાથે બેઠક

**આ બેઠકમાં NSA અજિત ડોભાલ પણ હાજર હતા**

નવી દિલ્હી, તા.૯

ભારત સાથેના તણાવ વચ્ચે, પાકિસ્તાન પોતાની રમત રમી રહ્યું છે. એક તરફ, તેની સેના નિયંત્રણ રેખા પર સ્થિત વિસ્તારોમાં બોમ્બમારો કરી રહી છે, તો બીજી તરફ આતંકવાદી જૂથો ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહ્યા છે. પરંતુ સરહદ પર તૈનાત આપણા સૈનિકો તેમની દરેક કાર્યવાહીનો યોગ્ય જવાબ આપી રહ્યા છે. આ સંદર્ભમાં, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે શુક્રવારે તેમના નિવાસસ્થાને BSF, CISF અને મ્ઝછજી ના ડાયરેક્ટર જનરલ સાથે પાકિસ્તાન સાથેની સરહદ અને એરપોર્ટ પર સુરક્ષાની સમીક્ષા કરવા માટે ઉચ્ચ સ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી હતી. આ બેઠકમાં કેન્દ્રીય ગૃહ સચિવ ગોવિંદ મોહન, ગુપ્તચર બ્યુરોના ડિરેક્ટર તપન ડેકા અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) અજિત ડોભાલ પણ હાજર હતા.

હકીકતમાં, બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF) એ શુક્રવારે કહ્યું હતું કે, તેણે જમ્મુમાં ભારત-પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદ પાર કરીને ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહેલા મસૂદ અઝહરના નેતૃત્વ હેઠળના સાત જૈશ આતંકવાદીઓને ઠાર માર્યા હતા અને પાકિસ્તાન રેન્જર્સની એક ચોકીનો પણ નાશ કર્યો હતો. ગુરુવારે રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ સાંબા જિલ્લામાં સુરક્ષા દળો આતંકવાદીઓ સાથે સામસામે આવી ગયા, જયારે દેખરેખ રાખતા BSFના જવાનોએ આતંકવાદીઓના "મોટા જૂથ" ને જોયું હતું.

BSFના પ્રવકતાએ જણાવ્યું હતું કે, ઘૂસણખોરીના પ્રયાસને પાકિસ્તાન રેન્જર્સની ધાંધર પોસ્ટ દ્વારા સમર્થન આપવામાં આવ્યું હતું, જેના ગોળીબારની આડમાં આતંકવાદીઓ ઘૂસણખોરી કરવા માંગતા હતા. તેમણે કહ્યું કે, સૈનિકોએ ઘૂસણખોરીના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો, ઓછામાં ઓછા સાત આતંકવાદીઓને મારી નાખ્યા અને ધંધાર ચોકીને ભારે નુકસાન પહોંચાડ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું હતું કે, આ કાર્યવાહીમાં વધુ આતંકવાદીઓ માર્યા જવાની શક્યતા છે. BSF એ ઉપરોક્ત પોસ્ટ પર ગોળીબાર અને બંકરના 'વિનાશ'ની 'થર્મલ ઈમેજર ક્લિપ' પણ શેર કરી, જ્યાં રેન્જર્સની હેવી મશીનગન મૂકવામાં આવી હતી. આવી સ્થિતિમાં, અમિત શાહની અર્ધલશ્કરી દળના વડા સાથેની મુલાકાત ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે, ભારત-પાકિસ્તાન સરહદ પર સુરક્ષા પરિસ્થિતિની સમીક્ષા કરવા ઉપરાંત, શાહે દેશભરના એરપોર્ટ પર સુરક્ષા વધારવા માટે લેવામાં આવેલા પગલાંનો પણ અભ્યાસ કર્યો હતો.

સરહદ સુરક્ષા દળ ભારત-પાકિસ્તાન સરહદનું રક્ષણ કરે છે અને સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રિયલ સિક્યુરિટી ફોર્સ (CISF) દેશના એરપોર્ટ, મેટ્રો નેટવર્ક અને અન્ય મહત્વપૂર્ણ સ્થાપનોની સુરક્ષા માટે જવાબદાર છે. ૨૨ એપ્રિલના રોજ પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા અને 'ઓપરેશન સિંદૂર'માં પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં આતંકવાદી છાવણીઓ પર ભારત દ્વારા કરવામાં આવેલા જવાબી હુમલા બાદ બંને દેશો વચ્ચે ચાલી રહેલી દુશ્મનાવટને ધ્યાનમાં રાખીને બીએસએફ 'હાઈ એલર્ટ' પર છે.




## ઓપરેશન સિંદૂરનાં પગલે જિલ્લામાં સુરક્ષાની સમીક્ષા કરવા

# રાજુલા-જાફરાબાદનાં દરિયાઈ તટીય વિસ્તારની મુલાકાતે ઈન્ચાર્જ કલેક્ટર

**પિપાવાવ પોર્ટ અને પિપાવાવ કોસ્ટગાર્ડ સ્ટેશનમાં દરિયાઈ વિસ્તારની સુરક્ષા બાબતે સમીક્ષા કરી**

**નાગરિકોમાં જાગૃતિ આવે તે અર્થે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિવિધ કાર્યવાહી**

**સંબધિત કચેરીઓને જરૂરી દિશા નિર્દેશો આપવામાં આવ્યા**

**મદદનીશ પોલીસ અધિકારી વલય વૈદ્ય, પ્રાંત અધિકારી ડો. મેહુલ બરાસરા પણ સાથે જોડાયા**



અમરેલી, તા. ૯

ઓપરેશન સિંદૂરને પગલે સર્જાયેલી સ્થિતિમાં જિલ્લાના દરિયાઈ વિસ્તારોમાં સુરક્ષા સંદર્ભે નાગરિકોમાં જાગૃત્તિ આવે તે અર્થે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિવિધ કાર્યવાહી કરવામાં આવી રહી છે.

અમરેલી જિલ્લા વિકાસ અધિકારી અને કાર્યકારી કલેકટર પરિમલ પંડયાએ આજે રાજુલા-જાફરાબાદ તાલુકાના દરિયાઈ તટીય વિવિધ વિસ્તારોમાં મુલાકાત લઈ વિવિધ કચેરી કામગીરીની વિગતો મેળવી હતી. આ સંદર્ભે તેમણે સંબંધિત કચેરીઓને જરૂરી દિશા નિર્દેશો આપ્યા હતા.

અમરેલી જિલ્લા વિકાસ અધિકારી અને કાર્યકારી કલેકટર પરિમલ પંડ્યાએ પીપાવાવ પોર્ટ મુલાકાત કરી હતી. તેમની આ મુલાકાતમાં, સાવરકુંડલા મદદનીશ પોલીસ અધિકારી વલય વૈદ્ય અને રાજુલા જાફરાબાદ પ્રાંત અધિકારી ડા. મેહુલ બરાસરા પણ જોડાયા હતા.

પીપાવાવ પોર્ટના ઉચ્ચ અધિકારીઓએ,ઈનચાર્જ કલેક્ટર પરિમલ પંડ્યા અને અન્ય અધિકારીઓ સાથે પીપાવાવ પોર્ટ દ્વારા સુસજ્જતાના ભાગરૂપે હાથ ધરવામાં આવેલી કાર્યવાહી સહિતની વિગતો જણાવી હતી.

વધુમાં અધિકારીઓએ પીપાવાવ કોસ્ટ ગાર્ડ સ્ટેશનની મુલાકાત લીધી અને રાજુલા-જાફરાબાદ તાલુકાના દરિયાઈ વિસ્તારની સુરક્ષાબાબતે કરવામાં આવેલી કાર્યવાહીની સમીક્ષા કરી ઘટતું હોય તે બાબતે બનતી ત્વરાએ કામગીરી પૂર્ણ કરવા સૂચનાઓ આપી હતી.

## ગાંધીનાં ગુજરાતમાં દારૂની હેરાફેરી બંધ થતી નથી

# ધારીનાં નાની ગરમલી જવાના માર્ગ ઉપર ટ્રકમાંથી વિદેશી દારૂની ૭૧૯ બોટલ ઝડપાઈ

**એક આરોપીની અટકાયત અન્ય ૩ની શોધખોળ શરૂ**

અમરેલી, તા. ૯

રાજકોટ જિલ્લાના કોટડા સાંગાણી તાલુકાના શાપર વેરાવળ સર્વોદયસોસાયટીમાંરહેતાભાવેશભાઈ મનસુખભાઈ દવેરા નામનો આરોપી તા. ૮ના સાંજના ૭થી ૮:૧૫ વાગ્યે પોતાના હવાલાવાળા ભુખરા રંગનો ૧૨ વ્હીલવાળો ટ્રક નં. જી.જે.-૧૪ ઝેડ-૫૬૦૭ ધારી તાલુકાના મોટી ગરમલી ગામે નાની ગરમલી જવાના રસ્તે, બેઠા પુલ પાસેથી પસાર થતો હોય. ત્યારે ચલાલા પોલીસે બાતમીના આધારે ટ્રકની તલાશી લેતાં ટ્રકમાંથી ભારતીય

અનુસંધાન પાના ૬ ઉપર



## જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાથી લગાવાયેલ


# અમરેલીનાં બહુમાળી ભવનની પાછળ આવેલ દીવાલ ઉપરની કિંમતી રેલિંગ ગાયબ થઈ ગઈ

**માર્ગ-મકાન વિભાગનાં અધિકારીઓ ફરિયાદ નોંધાવે**



અમરેલી, તા. ૯

અમરેલીનાં બહુમાળી ભવનની દીવાલ ઉપર જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાથી હજારો રૂપિયાનાં ખર્ચે લગાવાયેલ રેલિંગ ગાયબ થઈ ગઈ હોય માર્ગમકાન વિભાગ ધ્વારા આ મામલે ફરિયાદ દાખલ કરાવવામાં આવે અને જે કોઈએ ચોરી કરી હોય તેને ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરવી જરૂરી બની છે.













*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)